શ્રી ૧।

ઘણા દિવસની મનની ઇચ્છા આજે પુરી પાડી
સરવે ભાઇઓની ખાસ ફરમાસથી બહાર
પાડવામાં આવેલી.

શ્રી નવરાત્રીમાં ગાવાની

મનરંજક ગરબાવળી.

રચનાર

અધ્યક્ષ મંડળી.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

જોશી પ્રેહલાદ દયારામ.

રહેવાસી ગામ વાલમ. તાલુકા વીશનગર,
ઠેકાણું મહીવાડા.

અમદાવાદ.

શ્રી જૈન વિદ્યાવિજય પ્રીન્ટીંગ પ્રેસ.

સંવત ૧૯૬૨. સને ૧૯૦૬.

કીમત રૂ. ૦-૨-૦

શ્રી ગણેશાયે નમઃ

નરંજક ગરબાવળી.

શ્રી સુરજબાઇ મહારાજના ગરબા.

ગરબી ૧.

ગણુપતીની સ્તુતી. રાગ પદ.

ગણુપતી દેવા, તું ગરીબ નીવાજે. (૨) વાર.
ચાંદનચરચીત પુષ્પે વધાવું, સીંદુરે કરૂ સેવા. ગણુપતી. ૧
થાળભરી અમૃતમોદીક, માંહી મીઠાઇ ઘણા મેવા.ગણુપતી. ૨
પુજા કરી હું પાવલે લાગું, ભકિત ભવોભવ લેવા.ગણુપતી. ૩
શિવાનંદના સ્વામી રસીક શીરોમણ, વર આપ્યાના ઘણા
એવા.ગણુપતી. ૪

ગરબી ૨.

પ્રભાત.

ઉઠ પ્રભાત સમર લે તું, શ્રી ગણેશદેવા;
નામ લેતાં વીઘ્ન હરે, સફલ વાકી સેવા. ઉઠ. ૧
એક દંત દયાવંત, ચાર ભુજધારી;
મુસ્તક અને મુગટ સોહીયે, મશકની અસ્વારી. ઉઠ. ૨
પેરનવાકો પાન ફુલ, ખાનેકુ મેવા;
અમર દેવ સ્તુતી કરે, સુદ કરે સેવા. ઉઠ. ૩
માતા જેકી પારવતી, પીતા શંકરદેવા;
મંડલી સૌ ભજન કરે, રિદ્ધિ સિદ્ધી લેવા. ઉઠ. ૪

ગરબી ૩. રાગ સોલંકી.

શીવ શંભુજીના સૂતને આરાધુ, ગ્રંથ જ્ઞાનબુદ્ધીવડે ગુણુ સાધુ રે.
બાઈ સુરજ સતી.
મહાભારતી કરોને મુજ સહાય, મારી જીભ્યાવડે જશ થાય રે. બાઈ.
હુંતો અપ્રાધી દાસ તમારો, ગરબો કહેવા મુજમતી સુધારો રે બાઈ.
મહારાજ ગુણ મંડાણ હું કહુ, જેવા આવે તેવા ગુણ ગ્રંથ લહુ રે બાઈ.
પોતે નાગર નાત સ્વ, અમૃત વાણી અમુલ્યનો કુપ રે. બાઈ.
કર્યા મહારાજના એવા લ. મેદ શંભુ કીધા પાવન રે. બાઈ.
વળી થયેલ માબાપનું મરણ, ત્યાં લીધું મોશાળનું શરણ રે. બાઈ.
ત્રવાડી પ્રભાકરણને પેટ અવતારી, જન્મ લીધો છે દેહ ધારી રે બાઈ.
પોતે પાંચ સાત વરસના બાળ, એવાં લગ્ન કીધાં ... રે. બાઈ.
પછી મહારાજ ગુણ વીલાસી, થયાં લાંઘણુજ ગામના વાસી રે. બાઈ.
મોશાળ લાંઘણુજ પોતાનું થાય, ત્યાં મહારાજ રહેવું ચાહ્ય રે. બાઈ.
મહારાજ હતાં તે ગામમાં જયારે, પતીમરણ ઉકલી સુંભ રે. બાઈ.
મહારાજ કહે આજ પતીમરણ થાશે, એવું કહેતાં મોસાળીયાં હસતાં રે. બા
ગાંડાં થઈને બોલસો માં ઘેલુ, મરણ આવજો અમને પહેલું રે. બાઈ.
કહ્યું મહારાજ થયો દીન, આવ્યું માણસને થયું લીન રે બાઈ.
મહારાજ મોટાં તેમણે માન્યાં, હવે પોતે ઉમરમાં નાનાં રે. બાઈ.
કહે કહેલુ સુરજબાનુ થયું, ત્યારે મોશાળનું મન ગળી ગયુ રે. બાઈ.
એ વાત મુકી આવ્યા વાલમ ગામ, સહુ કહે સુરજબાઈ નામ રે બાઈ.
આવી સાસરીયે મુકામ કીધો, જોઈને તેનો આવકાર નવ દીધો રે બાઈ.
પ્રત્યક્ષ હતાં પોતે સુર સ્વરૂપ, જાણે સાક્ષાત દેવનું રૂપ રે બાઈ.
માહારાજ આવ્યા છે પોતાને ઘેર, સંસાર લાગે છે કડવો ઝેર રે બાઈ.
ઈશ્વર ઓળખાવા કીધો છે ઉપાય, ઘેર દીપ કરી જપ જાપ રે. બાઈ.

ગોવાળ થઇને મહારાજ વન જાય, રૂપ ઝળકેછે જાણે ભાનુરાયરે. બા.
દંડ કારણને આનંત દેશ, ગુરૂ મલ્યા કના માણુસવેશરે બાઇ.
નામ રામચંદ્ર ઇશ્વરઅંશ, હાલ ' : 'ગે એ વંશરે. બાઇ.
તેમને લઇને ગુરૂ વન જાય, ત્યાં વસેછે ્નમુની રાયરે બાઇ.
ત્યાંજઇને કર્યું ઘણું આરાધન, ત્યારે થયા દેવ મુની પ્રશન્નરે બાઇ,
પ્રસન્ન થયા આપ્યું અભેપદદાન, ત્યાં પ્રગટ થયા ભગવાનરે બાઇ.
ત્યાં અખંડ જોત પ્રગટ થઈ, આતો વાત પ્રથમની કહીરે બાઈ.
પાંચ સીધનો કહેવાયતેધામ, ઘણાકાલ જુનાનો તે ઠામરે બાઇ.
ત્યાં મળે ઇશ્વર આપ, ત્યાં મહારાજ જપેલ છે જપરે બાઈ.
ગામ ઉપલવું ધામ ગુરૂ કેરો, ત્યાં પાંચ સીધનોછે ફેરોરે બાઇ.
ત્યાંજઇને આરાધન કરશે, તેનાં જન્મમરણ દુઃખ હરશેરે બાઇ.
એક મન્ને સુણે જે નરનાર, ધન્યધન્ય તેનો અવતારરે બાઇ.
સંવત ૧૮૭૦ નોછે સાર, સુણે થાય ભવ તેનો પારરે બાઇ.
હું તો પળપળનો અપરાધી, ઘણી ભરેલ આધી વ્યાધીરે બાઇ.
જીભચુકની ખોડ માં દેશો, ભલા સંતો ઓધારી લેશોરે બાઇ;
કરજોડી મણીલાલે ગુણગાયા, સરને સેવક દરસનને પાયારે બાઇ.

ગરબી ૪.

ઘણું ઓપે આરાસુરી રાયરે, અંબીકા દેવીરે એ રાગ.

આજ અખંડ જોતી સ ', ગોખમાં વસી .રે;
વાલમમાં રુર્યા વાસ ર । રસીયાંરે.
જે સેવા કરે નીશદીનરે, નિરમળતા ' રે;
પ્રભુ આગે તે ભવની ભુખ, વિશંભર ભ . રે. ૧
જેને તત્વચીંતા ત્રીભુવનરે, દશ વશ કીધીરે;

તેની વારે ચઢયા ભગવંત, કરૂણા કીધીરે.
હરીરસ અમૃતનો કુપરે, જેનેરે પીધોરે.
ગાયા ગીતામાં ગોવીંદ, જેનેરે કીધી નવ ધારે
જોગી જંગમ ને સેવડાયરે, વલી સંન્યાસીરે;
ભમે બ્રાહ્મણને દરવેશ, ન મલ્યા અવીનાશીરે.
એવા અખંડાનંદ દેવરે, સુરજબાઇ પુજ્યારે;
ઘણા ભાવે ભજ્યા ભગવંત, ત્રીલોક સુજ્યારે.
હરખે ગાય છે માધેવો દાસરે, દરશાન આપોરે;
તમે શરણે રાખો મહારાજ, સઉ કષ્ટ કાપોરે.

ગરબી ૫.

પુજુ ગણપતીને પાય, સરસ્વતી કરૂણા કરોજો;
આપો નીરમળ બુધ, અમ ઊપર દયા ધરોજો.
બાઇ મોટાં છે મહારાજ, ત્યાં રામેશ્વર મહાદેવજીજો;
જોત બલેરે અખંડ, નવે ખંડ વ્યાપી રહ્યાજો.
ચઉદ બ્રહ્માંડની માંહે, જાપ તમારો જપી રહ્યાજો;
જેને સમર્યા શ્રીમહારાજ, તેને કીરપા કીધી ગણીજો.
આપ્યા અવીચળ સુખ, ભુખ ભાગી છે તે તણીજો.
દેશદેશથી આવે બહુ, મહારાજને પગે ઘણુંજો.
ભુણે અનેક પીસાચ, બળતા જાયછે તે ઘણાંજો;
દુઃખ કાપી સુખ થાય, મહારાજ છાયા કરોજો.
એવા ભકતને આધીન, કામ કરે ભાવ ધરીજો;
અષ્ટ થાયછે ઓચ્છવ, થાળ આવે અતી ઘણાજો.
બાજે તાલ મૃદંગ, તેની શોભા શી કહુંજો;

ઉડે અબીલ ગુલાલ, સહુ ઠાકોરને ચરણે નમેજો.
ઠાકોરછેરે આનંદ, ત્યાં સહુને ઘણું ગમેજો;
ઉગમણો છે આ ગોખ, તેની શોભા બની બહુજો.
આગળ જતાં હનુમંત, ગદા ધરીને ઉભા રહ્યાજો;
અવીનાશી અખંડ, જોત સ્વરૂપ બીરાજતાજો.
આદી નીરંજન ઇશ, સેવકને બહુ ભાવતાંજો;
અનેક કાપોછો દુઃખ, સુખ સહુને આપતાંજો.
ઘણી નવનીધ ભેટ, સઉ ભકત ઘણા લાવતાજો;
શ્રીફળ આવે અપાર, ખાંડ વેચે ખોબલે ભરીજો.
સાકરનો નહી પાર, સુખડી લાવે થાળો ભરીજો;
જેને ભાવથી ભજ્યા, તેના સઉ કષ્ટ કાપીયાંજો.
બાઇ મોટાં છે મહારાજ, વચન થીર કરી થાપીયાંજો;
પાટણવાડાની માંહી, ગામ વાલમ પ્રગટ થયાંજો.
એવા અનાથોના નાથ, તમો આવીને રહ્યાંજો.
હરખે ગાયછે માધવો દાસ, છે સેવક તમતણોજો;
ગરબો જોડ્યો મહારાજ, અમને ભાવ રહ્યો ઘણોજો.

ગરબી ૬.

વારી જઉરે સુરજબાના નામનેજો,
ગોકુલ કીધું છે વાલમ ગામનેજો. વારી. ૧
બાએ ભકતી કીધી છે બાલાવેશમાંજો;
પરચો દીધો છે ગુજરાત દેશમાંજો. વારી. ૨
બાઈ અન્ન પોતે નહી પાવતાંજો,
ઘણા સેવકોને મન ભાવતાંજો. વારી. ૩
બાઇ જોત અખંડ પ્રગટ કરીજો,

તેત્રીશક્રોડ દેવતા આવી મળ્યાજો. વારી. ૪
બાઇ વાંઝીયાને પારણું બંધાવતાંજો,
બાઇ દુઃખીયાનાં દુઃખ સહુ કાપતાંજો. વારી. ૫
કરજોડી માધવદાસ બોલીયાજો,
મારા અંતરના પડદા ખોલીયાજો. વારી. ૬

ગરબી ૭.

સુરજબાઇ બીરાજે આ ધામમાં જો, પ્રગટ થયાં છે વાલમ
ગામમાંજો સુરજ.
બાઇ ઇન્દ્રજીતને પોતેહતાંજો, ઘણા શેવક ભેટ ત્યાં લાવતાજો. સુર.
ઘણાં ભુતડાંને વ્યંતરાં કાઢીયાજો, મુવાં મડદાં ઘણાં ઉઠાડીયાંજો સુ.
હાંરે મન નીશ્ચે કરીને જે ઠર્યાંજો, ઘણાં ગાંડાને સાજા કર્યાંજો. સુ.
બાઇ સત્યતેવારતા બોલતાંજો, દુઃખ સુખના પડદા ખોલતાંજો. સુ.
ઘણા આનંદઓછવ થાયછેજો, કરજોડી મહાદેવોદાસ ગાયછેજો. સુ.

ગરબી ૮.

હાંરે લાગુ ગણપતીને પાય, ગાઉ મહારાજ મહીમા ય સહાય
થાજોને શારદારે.
દુઃખ કાપી આપ્યાં સુખ, બાયે ભવની ભાગી ભુખ, મારા મોઘા
મહારાજરે.
મહારાજ વેણુનાં તો સીદ્ધ, વીઠો ડાહ્યા તે કીધ, એવી ગણના
કવણ ગણુંરે;
પોતે ઇશ્વર સ્વરૂપ, વાણી અમૃતનો કુપ, મન મળવા અકળાયછેરે.
પોતે જાતાંતાં વન, ઘણું પ્રભુ ઉપર મન, એક બાઇ તો ત્યાં મળ્યાંરે.
કણબી જાતનાં જેહ, હનરબાઇ નામ તેહ, રૂડા સંતોને સેવીયાં

ગુરૂ રામચંદ્ર સાથ, તેમને ભેટ્યા ભોળાનાથ, જણુ ત્રણે તો ત્યાં ગયારે.
જઇને ધર્યું ત્યાં ધ્યાન, પ્રસન્ન થયા ભગવાન, જોત પ્રગટ તો ત્યાં થઇરે.
ત્યાંથી આવ્યા વાલમમાંહે, ઘેડાશેરી કહીયે જ્યાંહે, આવી જ્યોત ચલાવી તેમનેરે;
પછી તો ગયાં તોડાપોળ, છેલી કહીયે જે ઓળ, ત્યાં જઇ ગોખ થાપીયોરે.
ત્યાં ઘણાં કીધાં કામ, પ્રગટ થયું બહુનામ, મહાતેજ પ્રકાસીયુંરે.
મહારાજે મુવા ઉભા કીધ, શીખ સારી તો દીધ, એવી ગણુના કવણુ ગણુંરે.
વ્યાસ વલભાનો દાસ, તેને કસી નોતી દાશ, સહાય થઆ છે શામલારે;
દશી શેની હોય આશ, જીવ ગયેલો ખાસ,ચોકે સુતો બેઠો ક્યેંરે
પટેલ દવારકાદાસ, તેને જીવ્યાની નહી આશ, તેને છાયા કીધી ગણીરે;
નોતો જીવતો એક પુત્ર, એવું થયેલું ઘરસુત્ર,તેની મનની ઇચ્છા પુરણ કરીરે.
તેને આપ્યું વચન એક, રાખ પ્રભુ ઉપર ટેક, તારી ઇચ્છા પુરી થશેરે.
જુઓ ખેમાભાઈ શેઠ, દુઃખમાં ડુબેલા ડેઠ, રામ તેની વારે ગયારે.
વલી નાયક કલ્યાણ, અવળો ઉગેલો ભાણ, સાચ આવ્યું તેને ખરૂંરે.
સુરત ગામનો જે નાહી, નામે પીતાંબરભાઈ,આવીબાનેચરણે નમ્યોરે
તેને કર્યો સારૂ શ્રેષ્ટ, તેની બુદ્ધી હતી નેષ્ટ, પછી ભેટ ધરીતે ગયોરે
એવાં બહુ કર્યાંછે કામ,નીચે ગરબોછે તમામ,તેથી જાણુશો તમે સહુરે.

ગુરૂનું સુરજબા છે નામ, ગામ વાલમમાં ધામ, પતીત પાવન
ત્યાં થયાંરે;
ગુરૂનો ઠામ છે જે ઠાર, ગામ ઉપલવું ધાર, ત્યાં જગ્યા જુઓ,
જઈરે.
૭.ાના ગુણુનો નીકાલ, કરી શકે મણીલાલ, રામનામ મુખે
જપોરે;

ગરબી ૯.

રાગ સોલંકી.

ગુરૂ ગણુપતીને ચરણે સીસનામું, માતા સરસ્વતી જુઓ મુંજ
સામુ રે બાઈ સુરજ સતી.
કરજોડી ગુરૂને પાય લાગું, ગુણ ગાવા અવીચળ વાણી માગુરે.
દેશ ગુજરાતમાં તમારો ધામ, પાટણવાડામાં વાલમ ગામરે. બાઈ.
જોતી સ્વરૂપતે આપ બીરાજે. ત્યાંતો અણુહદ વાજાં વાગેરે બાઈ.
ત્યાંતો આનંદ ઓછવ થાય, ખાંડસાકરો ને ખોબલે વેચાયરે બાઈ.
જઈ ઉપલેશ્વરે ધરીયું ધ્યાન, ત્યાંતો પ્રગટ થયા ભગવાનરે બાઈ.
ભોલોનાથ નવેનીત આપે, ધરી સ્વરૂપને ધુણીએ તાપેરે બાઈ.
ત્યાં મહારાજ ગયા મધરાતે, વાત જાણી નાગરની નાતેરે બાઈ.
પ્રભાતે આવ્યા પુરમાંહે, પરચો દઈ પછી પ્રગટ થાયરે બાઈ.
ગુરૂએ પ્રગણે પરચો ચલાવ્યો, સંગ સુરતશહેરથી આવ્યોરેબાઈ.
ઘાંચી કુબેરને મને મેલ, તેને માથે આવ્યું એક ફેલરે બાઈ.
કહે ઘાંચી જુઠો મારો વાદ, તેની પાટણ કરી ફરીયાદરે, બાઈ.
વૈકુંઠરાએ નાગરે ન્યાય તો લ્યો, આપ્યો ઘાંચીનાહાથમાં ગોળોરે બા.
એને ઉના તે સમ ખવરાવો, એની વારે વારશદાર આવોરે બાઈ.
શ્રી મહારાજ ગયાં પાટણ ગામ, શહુ જાણે સુરજબાઈ નામરે બાઈ.

ગયાં પાટણ રાત્રીને હાણે, સમખ વરાવીસું ઉગતે ભાણુરે બાઈ.
ત્યાં મહારાજે ધર્યું ગુરૂનું ધ્યાન, ઠાકોરજીએ શાંભલીયું કાનરે બાઈ.
એક વણીકની કન્યા કુમારી, નાગ ડસીયોને મરણ પામી નારીરે બા.
એવી વાત સરકારમાં જાણી, બોલ્યા વૈકુંઠરાય એમે વાણીરે બાઈ.
મરણ થયેલું માણુશ અહી લાવો, લાગ આવ્યો ને કરીએ આપણ.
દાવોરે બાઈ.
થયું પરભાત અને મડદુ લાવ્યા ત્યાંહે, મહારાજ ગયાં કચેરીમાંહેરે બા
સરવે લોક કહે સરપ ઉતારો, ત્યાર પછી ઘાંચીનો વારોરે બાઈ.
મહારાજ કહે નાગકટો નથી. સાધ્યો, ખોટું બોલશો માં જગત
બાધીરે બાઈ.
કહ્યું પુન્યની કરોને કાંઈ પેર, ત્યારે નાગનું ઉતરસે ઝેરરે બાઈ.
કહે વણીક ગરીબ છુ વરણ, થાયજી વતી તો પાંચસે નુરણુરે બાઈ.
મહારાજે ધર્યું ગુરૂનું ધ્યાન, ઠાકોરજીએ સાંભલીયું કાનરે. બાઈ.
ધર્યું ધ્યાનને ગુરૂએ કીધી મહેર, તરત નાગનું ઉતરીયું ઝેરરે.બાઈ.
ઝેર ઉતર્યુંને જે જે વંચાય, સરવે હાથ જોડી પડીયા પાયરે.બાઈ.
એવો પરચો મહારાજનો ચાલ્યો, ઘાંચી કુબેર ધનાનો હાથ
ઝાલ્યોરે. બાઈ.
સાચો કરી ઘાંચીને ઘેર લાવ્યા, સરવે સેવકોને મન ભાવ્યારે.બાઈ
સંવત ૧૯૪૨ની માંહે, સરવે સેવક મળીને ગુણ ગાયેરે. બાઈ.
એક મને આરાધન કરશે, તેતો ભવસાગરમાંથી તરશેરે. બાઈ.
કહે કલ્યાણ તે દાસ તમારો, મને ભવસાગરમાંથી તારોરે. બાઈ.

ગરબી ૧૦.

મથુરે જાઓ તો મારા સમ હો લાલ, વાલમ વહેલા
પધારજોરે—એ રાગ.

વાલમ વહેલા પધારજોરે, અહીં સંત કરે સંતાપ હોલાલ. વા.

આજે દરસન આપો દાસનેરે, દરસ૦ કરતાં ...થાય હો
વાલમ.
સંતો સરવે સંતપણું કરોરે, ઘરને વહેલા વહેલા ... હો લાલ. વા.
ઇચ્છો ઇશ્વર પાસે આશરોરે, સરવે કામોમાં સહાય થાય હો
લાલ વાલમ.
આજે દરસન આપો દાસનેરે, જોતાં પાપ નીવારણ થાય હો
લાલ. વાલમ.
દુઃખડાં કહેતાં આપણું એમનેરે, હવે કોને કરવી અરજ હો
લાલ. વાલમ.
ગાદીર મુકયુ ગામને આશરેરે, તેથી બહુસુધરશે કાજ હો લાલ. વા.
સાક્ષાત પ્રભુ જેવાં ધારજોરે, તેમાં કાંઈ મલે નહીં ફેર હો લાલ. વા.
તેતુલ્ય કોઇ મળે નહીં માનવીરે, પોતે દુઃખીનો આધાર હો લાલ. વા.
ઘણાં મુવેલાં આગળ ધર્યાંરે, તેતો ઝટપટ જીવી જાય હો લાલ. વા.
હવે અરજ માહરી એટલીરે, હવે એવું મળે નહીં કોઈ હો લાલ.
વાલમ.
મણીલાલ વાણી મુખે વદેરે, સૌ કો ભજોને શ્રીભગવાન હો લાલ વા.

ગરબી ૧૧.

મહારાજ મોટાં માનજોરે, જનમંડળ મોઝાર;
કીરતી કહું તે સાંભળો મારી, પ્રાણુતણો આધારરે.
મુજ દરશન દ્યોને. ૧
દુઃખી સુખી સહુ સાથમાંરે, આવે તમારે પાર;
કેમ ઉત્તર આપશુરે, મારો તુટયો માણેકહારરે. મુજ. ૨
શેવક સરવે ધાયછેરે, માગે તમારાં વેણ;
એવી અરજી ઉરમાં ધરી, હવે બોલોને સુખદેણ. મુજ. ૩

કામ તો સરવે થાયછેરે, મનમાં કરો નહીં આ તોલ;
બાકી રહેછે એટલું હવે, ન મળે બોલાવ્યો બોલરે.મુજ. ૪
દુઃખ પડેતો જઇનેરે, કહેતાં દુઃખી રીતભાત;
તોલ કરીને બોલતાં, જા દુઃખ જશે પરભાતરે. મુજ. ૫
એવું જાણી આપજોરે, જાણી અમારી આ દાગ;
કરજોડીને વદુછુ, મુજ દરશન ઘોને આજરે. મુજ. ૬
દુઃખી પોકાર કરે ઘણુંરે, આવી તમારી આ પાર;
સાચ તેને તમે આપજો, હુંતો વદુછું વારંવાર. મુજ. ૭
સરસ્વતીતીરથ ટળવળતાંરે, આવીને ચોપાસ;
કરજોડીને કરગરો, તેનો દાસતણો છે દાસરે. મુજ. ૮

ગરબી ૧૨.

હરી ભજન વીના દુખદરીયા સંસારનો પાર ન આવે. એ રાગ.

ગામ વાલમમાં બા મહારાજનું નામ તે સઉથી મોટું,
સુખ બાને ભજો, વાદવીવાદનું કામ તે સઉથી ખોટું.
મંદીરમાં બેઠાં મા અંબા, વાઘે ચઢીને જાએ રંબા;
દેવી ડુંગરવાલી આઇ અંબા, ગામ વાલમમાં. ૧
વાયુ નંદન નામે ત્યાં દેવ, સહુ રાખી હરી ભજવાની ટેવ;
તેની જોડે રામેશ્વર મહાદેવ, ગામ વાલમમાં. ૨
ગણુપતી આગલ બેઠા સીવ, સહુ રાખી પ્રભુ ઉપર જીવ;
ત્યાં હમેશ પ્રગટે ઘૃતનો દીપ, ગામ વાલમમાં. ૩
શીવસ્વારીમાં લેછે નંદી, ઘણા ગુણ ગાઉછું હું વંદી;
પ્રભુ વીનાની વાણી સઉ મંદી, ગામ વાલમમાં. ૪
ત્યાં ઘૃતદીપ રહેછે અખંડ, જેથી ગોખ ચાવો નવખંડ;
ઉભા હનમંત હાથ લઇ દંડ, ગામ-વાલમમાં. ૫

મહારાજની હાલ પુજામાં પાટ, દેવ સેવા કરે જુદો ઘાટ;
વલી બાકી મંદીરનો મહા ઠાઠ, ગામ વાલમમાં, ૬
ત્યાં ભજન ચાલે રૂડી રીત, તે મણીલાલ જાણે છે ખચીત;
તમે રાખો પ્રભુ ઉપર પ્રીત, ગામ વાલમમાં. ૭

ગરબી ૧૩.

માતું પાવાની પટરાણી અંબેમા કાલકારે લોલ. એ રાગ.

આવી રૂડી હરી ભજવાની તકકે, ફરીથી તો નહી મળેરે લોલ. ૧
બાજી પધારો સુધામકે, સૌ ત્યાં ટળવળેરે લોલ. ૨
ગામમાં ઘણો અબીલ ગુલાલકે, પુષ્પ ઉડયા કરેરે લોલ. ૩
સંત કરે દંડવૃત રહી પ્રણામકે, પુઠળ ફેરી ફરેરે લોલ. ૪
આગળ વાગે ઢોલ નગારકે, ભેરીનાદ ભરેરે લોલ. ૫
દંડવૃત કરે આખું ગામકે, શોળ શણગાર ધરેરે લોલ. ૬
પુઠળ સંતમંડળ શાક્ષાતકે, સેવા કરે ઘણીરે લોલ. ૭
ઘણાં થાયછે ભજન અમાણકે, શોભા બહુ બનીરે લોલ. ૮
સંત સરવે બાની પુઠળ જાયકે, કુવારીકા ક્ષેત્રમાંરે લોલ. ૯
બા ત્યાંતો ઓચીંતી અગની થઇકે, વાપી બાને નેત્રમાંરે લોલ. ૧૦
બા ત્યાં અતી કરે સમરણકે, લોક જોવા મળેરે લોલ. ૧૧
અંદર ધૃતને શ્રીફલ સારકે, ચંદન માંહે બળેરે લોલ. ૧૨
બા તમ જગ્યા ન ચઢે કોયકે, એવી ધરણી ઢળ્યાંરે લોલ. ૧૩
પ્રભાતે દરશન કરવા જાતાંકે, સરસ્વતી ભેળ્યાં ભળ્યાંરે લોલ. ૧૪
રાખી ગૌ દોવાને કાજકે, જરા એક ઠોર ખરીરે લોલ. ૧૫
તેવા સમરથછો શાક્ષાતકે, ચંદન રાખ ગુ ળ કરી લોલ. ૧૬
સરસ્વતી આવ્યાં આપોઆપકે, આપની પાસે મરે લોલ. ૧૭

લઇને ચાલ્યાં તેમની સાથકે, સ્વર્ગના વાસમાંરે લોલ. ૧૮
વળતે આવ્યાં ગામોગામકે, કીરતન બહુ કરીરે લોલ. ૧૯
બન્યાં શોભાનો નહીં પારકે, ગાઉ શું ફરી ફરીરે લોલ. ૨૦
ભજન સાંભળવાને કાજકે, લોક મળે ઘણાંરે લોલ. ૨૧
ખુબી થઇ છે અપરંપારકે, શોભામાં નહીં મણારે લોલ. ૨૨
બાનો સેવક મણીલાલકે, તુજ પાયે નમેરે લોલ. ૨૩
મા આ સુરજમાના ગુરૂકે, સઉ સંતને નમેરે લોલ. ૨૪

ગરબી ૧૪.

ઓરા આવો નીરંજન સ્વામીરે, પંચધુણી ધારીરે.
હું તો અરજ કરૂ શીરનામીરે, પંચ ધુણીધારીરે.
તમે પ્રેમીપુરૂષના બેલીરે.પંચ.મને મેલ્યા મરજાદ મેલીરે. પંચ
તમે અલેકનીરંજન કહાવોરે.પં.તમો પાંચસીદ્ધ ભેળા આવોરે.પં
એક મને આરાધન કરશેરે.પં. તેનામનના મનોરથ ફળશેરે.પં.
તમે ગુફામાં વાસ કરી રહ્યારે.પંચ. ઘણાંને દરશન થયાંરે.પંચ.
વાસ કદમને છાંયડે કીધોરે.પંચ. ત્યાં તો અમૃતરસ પીધોરે. પં.
ત્યાં જઈને મહારાજ ધ્યાન ધરતારે. પંચ. ઘણા લોકો પુંઠ જોવા ફરતારે. પંચ.
મહારાજ મનધાર્યું કરતારે. પં.તેતો કોઈ લોકથી નવ ડરતારે.પં.
ત્યાંતો અખંડ જોત પ્રગટ થઇરે.પં પુંઠ જોનારે શીશ નમાવીરે.પં.
પરખ પડી પુંઠદઈ ભાગ્યોરે.પં.મણીલાલે એ સતસંગ માગ્યોરે.પં.

ગરબી ૧૫.

જીતા જીત્યા તે કાન મહારાજરે, ગોપીઓ હારીરે—એ રાગ.
ચાલો ચાલો ચતુર કાંઇ ચાલો, ઉપલવે ચાલોરે;
પડીમુકો બધી પંચાત, હરી હાથ ઝાલોરે. ચાલો. ૧

ત્યાં પંચધુણી પ્રમાણુરે, અસલ એજ કાયેરે;
ત્યાં ધ્યાન ધરવાને કાજ, સઊકો આવેરે. ચાલો. ૨
ત્યાં ધુણી તપે હુમેશરે, નીરંજન તાપેરે;
તે પ્રભાતે કરીયે નીત્ય સેવ, સરવે સુખ આપેરે. ચાલો. ૩
એતો અખંડ અવીનાશી હેવરે, જે કોઇ જાણુરે;
તેની કરે જે નીશદીન સેવ, સરવે સુખ માણુરે. ચાલો. ૪
[illegible] એક નીરંજન દેવરે, સમરથ રૂડોરે;
તે[illegible]ત કરોને સેવ, ભવ નહીં બુડે.રે. ચાલો. ૫
તેનું ધરું [illegible]રાજે ધ્યાનરે. ભાવ ધરી પુજ્યારે;
પોતે થયાં છે પ્રભુતુલ્ય, [illegible]ક સુજ્યારે. ચાલો. ૬
ત્યાં ભક્તિ કીધી મહારા [illegible] ઈશ્વર નાળીયારે;
કર્યો સેવકજન્મ સફળ, પાશ્ચીન [illegible]ાંરે. ચાલો. ૭
ત્યાં પંચધુણી પ્રમાણુરે, એક ઉગાડીરે;
ચાર હાથી છે જમીન નીચ, મહીના ભારીરે. [illegible]
એ તો મહા સમરથ છે વનરે, દેવતા રહીયારે;
ઘણો તાતકાળીકને ધામ, કદમકી છાયારે. ચાલો. ૯
કહેતાં પાર ન પામે દાસરે, જાયછે હારીરે;
સુખ વદેછે મણીલાલ, જાઉ બલીહારીરે. ચાલો. ૧૦

ગરબી ૧૬.

સુરજબાના ગુણ સુણોરે, મહારાજ તો મતવાલા.
તેમના શા ગણાવું ગુણોરે, મહારાજ.
વાલમમાં પ્રગટ થયાતારે.મહા. તેનો ગામોગામ વીખ્યાતારે. મ.
પોતે નાગરનાતના કાવેરે.મહા. ત્યાં ઘણુાંની આશિશ લીધીરે.મ.
ખ્યાસી વરસ દરશન કીધાંરે.મહા. ઘણાં કામ કર્યાં છે સીધાંરે.મ.

પોતે દુધને પાને રહેતાંરે. મહા. થયું થવાનું સર્વે કહેતાંરે.મહા.
ઘોડાશેરીમાં ઉત્પન થાતારે.મહા. પછી તોડાપોળમાં ગયાંતાંરે.મ.
તોડાપોળમાં મંદીર બાંધ્યુંરે.મ.તેને એક રામથી મનસાર ...
ત્યાં તો અખંડજ્યોત પ્રકાશીરે. મ. એવાં પ્રભુરૂપે અવી ...
મંદીરમાં જેદેવ થાપ્યારે.મહા. તેમને ઘણાંનાં દુખડાં કાપ્યા...મ.
રામ લક્ષમણને સીતાજીરે.મહા. વળી ગણેશના પીતાજીરે.મહા.
આગળ ઉભા હનુમંતારે.મહા. તેતો અંજનીસુત બળવંતારે. મ.
હાલ રૂપ બદલીને તે રહેછેરે. મહા. તે પ્રત્યક્ષરૂપે કહેછેરે.મહા.
હાલ પરચો વધ્યોછે ભારીરે. મહા. કહેતાં જીભ્યાએ જાઉંછું
હારીરે. મહા.
ધન્ય ધન્ય તે અંતરજામીરે મહા. મણીલાલકહે શીશનામીરે. મ.

ગરબી ૧૭.

આવો આવો શીવશંકર ભોળા—એ રાગ.

કારતક માસે કામણ તો કીધાં, વાલે મારે અમૃતડાં પીધાં;
સરવેનાં કામ કર્યાં સીધાં, મને તમ મહારાજા મળજો. ૧
માગશરે મન મારૂં હરખ્યું. ગુરૂજીનું વદન મેં હરખ્યું;
ગુરૂએ તો પુરણ પ્રેમ પરખ્યું, મને તમ મહારાજા મળજો. ૨
પોશે તો શોષ મને પડીયો, ગુરૂએ તો મનવીચાર ઘડીયો;
તેતો સઉ સેવકને નડીયો, મને તમ મહારાજા મળજો. ૩
માઘે તો મન થયું મેલું, ગુરૂ વીના ચીત થયું ઘેલું;
ગુરૂ હવે દરશન દયો વહેલું, મને તમ મહારાજા મળજો. ૪
ફાગણે ફરફરતી હોળી, સઉકો પહેરી ચરણાને ચોળી;
મને વાગી ગુરૂ વીના ગોળી, મને તમ મહારાજા મળજો. ૫
ચઈતરે ચીત્ત ઘણું ચટકે, જઈ મન ગુરૂ પાસે ભટકે;

મારૂં મન બા ચરણે અટકે; મને તમ મહારાજા મળજો. ૬
વઈશાખે વહાલ ઘણું દેતાં, આવી દુઃખ બાપાસે કહેતાં;
સુણી સરવે આશીસો દેતાં, મને તમ મહારાજા મળજો. ૭
જેઠે તો જીવ ઘણો જામ્યો, જઈ હું તો બાને શીશ નામ્યો;
ત્યારે હું તો પુરણ પ્રેમ પામ્યો, મને તમ મહારાજા મળજો. ૮
અશાડે તો અજાણ્યો થઈને, ઉભો હું તો ગુરૂ પાસે જઈને;
માગું હું તો મંન સુરજબાઈને, મને તમ મહારાજા મળજો. ૯
શ્રાવણે સુધ ગયો ભુલી, ગુરૂ વીના દેહ દશા ડુલી;
ત્યારે મારી આંખડલી ખુલી, મને તમ મહારાજા મળજો. ૧૦
ભાદરવે ભ્રમણા તે ભાગી, જઈ હુંતો બાને પાય લાગી;
પછી મે તો સત સંગત માગી, મને તમ મહારાજા મળજો. ૧૧
આસોએ તો અરથ સર્યો મારો, ગુરૂ મેં તો કર ગ્રહ્યો તારો;
આવ્યો આ જન્મ ઉગારો, મને તમ મહારાજા મળજો. ૧૨
બારે માસ સુરજબાના સારા, કહેવા લાગે મને બહુ પ્યારા;
મને મલ્યાં મહારાજા મ રા, મને તમ મહારાજા મળજો. ૧૩
સુણી અરજ સાંમળીયો મળીયા, મારા તો સઉ પ્રાશ્ચીતો ટળીયા;
મણીલાલનાં મનડાં ત્યાં ગળીયાં, મને તમ મહારાજા મળજો. ૧૪

ગરબી ૧૮.

સુરજબાઈ બીરાજે આ ધામમાં જો. એ રાગ.

સુરજબાઇ તો સાચ્ચાં સતીજો, રૂડી કર્મરેખા પ્રભુ સમરતીજો સુર.
પોતે દુધપાને રહેતાં હતાંજો, થયું થવાનું સરવે કહેતાં હતાંજો સુર.
બાલપણથી ભક્તિ કીધી એમનેજો, ઘણાંજંન દુઃખી ક્રાઢયાં તમોજો.
ઘણાં ભુતડાંને વ્યંતરો કાઢતાંજો, મુવાંમડદાં ઘણાં ઉઠાતાંજો. સુર.
ગાંડાંથયેલાંબહુ જનઆવતાંજો, આવી બાચરણે શીશ નમાવતાજો.

નમાવતાં જો. સુર.
નરસેરામ હજાર એક દુઃખીયો જો, તેને કોઇએ ઘણો લપ મુકીયો જો. સુર.
આવી બાનેચરણે શીશ નામીયોજો,ત્યાં સરવે સુખને પામીયોજો સુ.
તેણે ભુવા દેવાલા બહુ ઘાલીયાજો,તેના લપા કોઇયે નવ વાળીયાજોસુ
પછી બાનેપારે આવી અડયાજો, તેને ત્યાં કારજ સીધાં પડયાંજો સુ.
બાને સેવકે તેલ પોકાડીયું'જો.ગુરૂએ સેવકનું' બરદપાળીયું'જો સુ.
આવી બાનેચરણે શીશ નમશેરે,તેતો સરવે સુખોને પામશેજો સુર.
ગુરૂ કામ કરે બહુ ભક્તનાંજો, સેવક આવે ઘણા જાતજાતનાજો સુર.
કરજોડી મણીલાલ ગાયછે જો, બાને ચરણે ગયે સુખ થાયછેજો સુ.

ગરબી ૧૯

પ્રથમ ગણપતીને પુજીએ, શ્રી જે મહારાજ;
ગુરૂ કરૂણા કીજીએ, સુરજબાઇ જે મહારાજ. ૧
ગુરૂ રામચ'દ્ર બીરાજતા, શ્રી જે મહારાજ;
પાંચ સીધતો બા આવતા, સુરજબાઇ જે મહારાજ. ૨
એવા ગુરૂનો પ'જો લાગીયો, શ્રી જે મહારાજ;
ર'ગ પુરવજનમનો જાગીયો, સુરજબાઈ જે મહારાજ. ૩
ગુરૂ ઇપલેશ્વરમાં ધામ છે, શ્રી જે મહારાજ;
એતો પુરવ જનમનો ઠામછે, સુરજબાઈ જે મહારાજ. ૪
ગુરૂએ પ્રાક્રમ કર્યો ઘણો, શ્રી જે મહારાજ;
શું કહીયે તમોતણો, સુરજબાઇ જે મહારાજ. ૫
કરશનદાસ ઉપલવે આવો, શ્રી જે મહારાજ:
રામદેવજીનો ઘોડીલો લાવ્યો, સુરજબાઇ જે મહારાજ. ૬
ધ્વજા રોપી હતી તે આવી, શ્રી જે મહારાજ;

આવી ધુણી ચેતાવી, સુરજબાઈ જે મહારાજ. ૭
એ વાત ગુરૂએ જાણી, શ્રી જે મહારાજ;
પુરમાં બોલે નરનારી વાણી, સુરજબાઇ જે મહારાજ. ૮
અતીત રામદેવજી પધરાવે, શ્રી જે મહારાજ;
તેતો જગ્યા સુધરાવે, સુરજબાઇ જે મહારાજ. ૯.
ગુરૂ રામચંદ્ર તતબર થયાં, શ્રી જે મહારાજ;
મહારાજ ઉપલવે ગયાં, સુરજબાઇ જે મહારાજ. ૧૦
આ પુરવનું આસન હમારૂ, શ્રી જે મહારાજ;
શું ગજુ છે તમારૂ, સુરજબાઇ જે મહારાજ. ૧૧
ક્રશનદાસ કહે ન કરો તાડો, શ્રી જે મહારાજ;
પ્રભુ તમારો દેખાડો, સુરજબાઇ જે મહારાજ. ૧૨
ગુરૂએ કરૂણા કરી કહ્યું, શ્રી જે મહારાજ;
અખંડ તેજ પ્રગટ થયું, સુરજબાઇ જે મહારાજ. ૧૩
કરસનદાસ આવીને નમ્યો, શ્રી જે મહારાજ;
મેં ઓલખ્યા નહીં તમો, સુરજબાઇ જે મહારાજ. ૧૪
પાંચે તે ધુણીઓ ઊઘાડી, શ્રી જે મહારાજ;
મુરતીઓ દેખાડી, સુરજબાઇં જે મહારાજ. ૧૫
પુરી ચારે ધુણી કરી વીવેક, શ્રી જે મહારાજ;
ઊઘાડી મુકી એક, સુરજબાઇ જે મહારાજ. ૧૬
મુરતીઓ પાછી દાટી, શ્રી જે મહારાજ;
મનખાદઇ એતો કાઢી શકે, સુરજબાઇ જે મહારાજ. ૧૭
ગુરૂ કહે એક કરો કામ, શ્રી જે મહારાજ;
રાખીશ તમારૂં નામ, સુરજબાઇ જે મહારાજ. ૧૮
રામદેવજી પધરાવી, શ્રી જે મહારાજ;

કુઈ ખોદી સુધરાવી, સુરજબાઈ જે મહારાજ. ૧૯
કુઈમાં પાણી મીઠું થાશે, શ્રી જે મહારાજ;
તારૂ નામ સદા રહેશે, સુરજબાઈ જે મહારાજ. ૨૦
વચન એવું આપ્યું, શ્રી જે મહારાજ;
એ તો થીર કરીને સ્થાપ્યું, સુરજબાઈ જે મહારાજ. ૨૧
કરશનદાસે દંડવૃત કર્યો, શ્રી જે મહારાજ;
દાસ થઇને પોતે ઠર્યો, સુરજબાઇ જે મહારાજ. ૨૨
ત્યાં તો થઇ એવી પેર, શ્રી જે મહારાજ;
મહારાજ આવ્યા ઘેર, સુરજબાઇ જે મહારાજ. ૨૩
શેવક તમારો કેવાય, શ્રી જે મહારાજ;
કરજોડી માહાદેવો ગાય, સુરજબાઇ જે મહારાજ. ૨૪

ગરબી ૨૦

મન માને નહીં સોપેરા સમજાવું તોએ શું થાય—એરાગ.
દુલભ મનખાદઇમાંહ્ય વશ શું થયા છો સમરોને શ્રીહરી;
ન આવે વારંવાર, મોંઘોરે મનખો માણો ભાવ ધરી.
તમો જઠરાઅગ્નીમાં બળતા, ઘણાં સંકટમાંહી દુઃખહરતા;
ભુલી ગયા ભજનશું નથી કરતાં, દુલભ મનખાદઇ. ૧
પરીબ્રહ્મને સમરો પ્રાણી, મુગો મનખો તમે લ્યો માની;
માથે મરણ કેરો ભય જાણી, દુલભ મનખાદઇ. ૨
સુરજબાઇ સરખાં મહાસતી, બાઇ સમર્યા વીસંભર જતી;
પારસ પરશન થઇ નીરમળ ગતી, દુલભ મનખાદઈ. ૩
બાઈ પ્રગટ થયાં નાગરને કુલ, સરવે સેવકોને રાખે સમતુલ્ય;
ખોયો હાથે ચઢયો હીરો અમુલ્ય, દુલભ મનખાદઇ. ૪

તમે વાલમમાં કર્યો છે વાસ, સરવે સેવકોની તમે પુરી આશ;
ગાયે માધવો તમારો દાસ, દુલભ મનખાદહે. ૫

ગરબી ૨૧

ગર્ભવાસ રાખ્યોરે કૃપા તને બહુ કરી. એ રાગ.

શંભુ સુત આરાધુંરે, સમરૂ કરજોડી;
કરૂણા કરો સારદારે, મનમાં બુધી થોડી.
ગુરૂને શીશનામુંરે, કરૂણા કરારે મુને;
ગુણ ગાઉ તમારારે, પુરવતણા પુને. શંભુ. ૧
સુરજબાઈ મહારાજરે, તમે દરશન આપો;
સેવક તમ શરણેરે, આવીને કષ્ટ કાપો. શંભુ. ૨
ગુરૂ રામચંદ્ર મળીયારે, તમોને રૂડી રીતે;
અભેદાન આપ્યાંરે, પુરવતણી પ્રીતે. શંભુ. ૩
ગુરૂ પ્રાકમ ઘણેરારે, મુખે ન જાય કહ્યો;
હુનરબાઈ નામેરે, ગુરૂએ કરૂણા કરી. શંભુ. ૪
લક્ષ ચોરાસી નાવરે, હવે તમને ફરી;
હરનીશ નામીરે, ગુરૂ પાસે ઉભી રહી. શંભુ. ૫
કરૂણા કરી ઘણીરે, હનભે ઉગડી ગઈ;
ત્રણ લોકજ સુજેરે, ગુરૂ કીરપાએ થકી. શંભુ. ૬
આવરણ તે ભવણરે, તેતો જાણો નકી:
હુનરબાઈ પોતેરે, શીખામણી તે ગયાં. શંભુ. ૭
ભેખ ભગવો ધરીનેરે, ખેરાલુ ગામમાં રહ્યાં;
--દ્વાર એક કરીયુંરે, ઉગમણે દ્વાર છે. શંભુ. ૮
-કારજી પધરાવ્યારે, ધુણી ખોદી તારે છે;
-ણીમાં અખંડ પોતેરે અગની ચેતાવી. શંભુ. ૯

જોત અખંડ પ્રકાસીરે, ઠાકોરને ઘણી ભાવી;
નીત આનંદ ઓછવરે, ત્યાં લોકો કરે ઘણા. શંભુ. ૧૦
હુરનબાઈનું મંદીરરે, શોભામાં તો શીરે મણા;
ઘણા નરનારી કરતારે, દરશને ત્યાં આવે. શંભુ. ૧૧
ઘણી ખાંડ સુખડીયોરે, સાકર તીહાં લાવે;
શ્રીફળ આવે અનેકરે, દીવાનોતો પાર નથી. શંભુ. ૧૨
એક ધુણીનું પ્રાક્રમરે, મુખે શું કહુ કથી;
ધુણીની વીભુતીરે, ચપટી ખવરાવે. શંભુ. ૧૩
અનેક દુઃખ જાયરે, ગુરૂ વારે આવે;
હુનરબાઈ મહારાજરે, ગુરૂનું તો ધ્યાન ધરો. શંભુ. ૧૪
સરૂપ બદલીને પોતેરે, દેવલોકમાં ફરે;
ધુણી પાસે પોતેરે, એક આશન કર્યું. શંભુ. ૧૫
વીશંભર ઉપરરે, હુનરનું જો ધ્યાન ધર્યું;
હુરનબાઇ પોતેરે, અને ત્યાં ધુણી તાપે. શંભુ. ૧૬
ગુરૂ કરૂણા કરીનેરે, નીત દરસન આપે;
અલેક જગાવેરે, વસ્તીમાં ચેતાવે. શંભુ. ૧૭
પંચઘરની પોતેરે, ત્યાં તો ચપટી લાવે;
તેનું ભોજન કરેછેરે, અવરબાજુ તપાવે. શંભુ. ૧૮
જે જોઇએ તે રીધસીધરે, ગુરૂ ત્યાંતો લાવે;
ચોરાસી જમાડવારે, તે કલપનાએ કરે. શંભુ. ૧૯
પ્રાતસકાલે ઉઠીનેરે, બાઈનાં નામનાં નુતરાં ફરે.
સીધુને સામગ્રીરે, ઉધારે ઉપાડે. શંભુ. ૨૦
બ્રહ્મભોજન કરાવીરે, વીભુતી ધુણીની કાઢે;
ખરચ ઉપડયુ જેટલુંરે, ગુરૂ તેમાંથી આપે. શંભુ. ૨૧

કોડી એક નવ ધરેરે, તેમાંથી ઓછું ન અપે;
એવી ચોરાસીયોરે, કરીએ અનેકવાર. શંભુ. ૨૨
પ્રભુની અકલગતીરે, તેનો કોણુ પામે પાર;
એવા પ્રાક્રમી પોતેરે, હુનરબાઇ વસતા શંભુ. ૨૩
ઘણી પરબો કરાવીરે, ખેરાલુ પાખલ રસ્તા;
સરૂપ છે અનોપમરે, કાયા કંચન એની.શંભુ, ૨૪
ઘડીએકમાં બદલેરે, જાણે રગતપત જેવી;
માખીયો બણુબણેરે, વહેછે રૂધીર ધાર. શંભુ. ૨૫
અજ્ઞાની માનવીરે. નથી પામ્યો પાર;
ધુણીની વીભુતીરે, લઇને ધ્યાન ધરે. શંભુ. ૨૬
શરીર ઉપર નાંખેરે; કાયા હતી તેવી કરે;
એવા પ્રાક્રમી પ્રેમ અનોપમરે, ઘણું શું મુખે કહે.
શંભુ. ૨૭
એવા પરચા અનેકરે, તોએ કોઇને ઓળખ્યા નહી;
ઇંદ્રી દશ વશ કીધીરે, ત્રીવીધી તાપ ટળયા. શંભુ. ૨૮
ગુરૂ રામચંદ્ર મળીયારે, નીરંજન ભેગા ભળ્યા;
ગુણુ ગાયા તમારારે, સરવે સેવક મળી. શંભુ. ૨૯
જનમમરણુ કેરીરે, આબાદી ટલી;
ગરબી શીખીને સાંભલેરે, જે ઘણા હેતે ગાય.શંભુ. ૩૦
નરનારી સરવરે, તેતો પાવન થાય;
સુરજબાઇ પ્રતાપે, ગુણુ ગાય માહાદેવો. શંભુ ૩૧
તમો શરણે આવ્યોરે, કોટી પ્રાશ્રીત જાયે.શંભૂ. ૩૨

ગરબી ૨૨

તારી ભકતી બોડાણાને ભાવીરે રણછોડ રંગીલા–એ રાગ.

તારી ભક્તી સુરજબાને ભાવી. ઉપલેશ્વરવાળારે. ૧
વાલમ આવીને જ્યોત ચલાવી. ,, ૨
બાચે મજલો કીધી મધરાતે. ,, ૩
આવ્યા આવ્યા સુરજબાની સાથે. ,, ૪
આમ વાલમ ઉપર કરી દયા. ,, ૫
વાલા તોડાપોળ આવીને રહ્યાં. ,, ૬
બાયે અન્ન ખાવું બંધ કીધું. ,, ૭
આવા પંચ સીધ જાય નહી કલીયાં. ,, ૮
કપીલદેવને હનમંત બલીયા. ,, ૯
ગોખ વસીયા ગોરખનાથ રસીયા. ,, ૧૦
વાશ પંચસીધ કેરો જાંહી. ,, ૧૧
હાલ લક્ષ્મીપુર ધુણી જાંહી. ,, ૧૨
ત્યાંચે ભક્તિ ઘણા વરસ કીધી. ,, ૧૩
સુધામ જોતાં તે આશીશ દીધી. ,, ૧૪
નામે દુલભીદાસ તમારીરે. ,, ૧૫
મારે ઘેર પધાર્યા ગીરધારી. ,, ૧૬

ગરબી ૨૩

રાધા નટવર કરરે લુટી મહીમાર–એ રાગ.

ધુણીના ધણી દુઃખ કાપો અમારો, જોતી સ્વરૂપ અલખેલ દુઃખ કાપો અમારો.
હુંરે અપરાધી ઘણો થયો છું, તારીને પાર ઉતારો. ધુણી. ૧
ઘણું કારજ તમો ટેકથી કીધો, દુલભબાઇને દરસન દીધો.ધુ. ૨

આમાશારે નીરખ મારૂ મન થયું તાજુ, પણ લોકવેવારથી લાજું;
કાપો દુઃખ હમરે, ધુણીના ધણી દુખ કાપો અમારા. ૩

ગરબી ૨૪

આવો આવો શીવશંકર ભોળા—એ રાગ.

રવીવારે રળીઆમણું લાગ્યું, બાને નીરખે ભવનું દુઃખ ભાગ્યુ;
મનેરે ઘરમાં ગોકુળીયું લાગ્યું, મારે ઘેર મહારાજા રહેજો. ૧
સોમે તો સુરજબાને કહીયે, અખંડ જોત રૂપે તો રહીયે;
સેવક જાણી દુઃખડાં દુર કરીયે, મારે. ૨
ભોમે તો દેશ ઘણો ભમીયો, હુકમ વીના અભીમાને ભરીયો;
મારે. ૩
બુધે તો કાંઇ નથી બાકી, અખંડ જોત ગોખમાંહી થાપી;
માયારે મારા મનતણી ભાગી, મારે. ૪
ગુરૂવારે ગુરૂની પાસે જઇએ, ઉપલવામાં રાતવાસો રહીયે;
અરજીરે મારા વાલાને કહીયે, મારે. ૫
શુક્રરવારે શુંરે કહીયે ઝાઝું, માયારૂપી સંસારથી દાઝું;
ગુરૂ વીનારે બીજાને નહી જાચુ, મારે. ૬
શનીવારે સુરજબાનું કહેવું, તેતો મારે જીવન સુધી સહેવું.
મારે. ૭
સાતેવાર ગાતાં દુઃખ ભાગ્યાં, મારી બાના ઉપદેશ મને લાગ્યા;
સુરજરામ સુત એવુંરે માગું. મારે. ૮

ગરબી ૨૫

રાગ સોલંકી.

ગવરીપુત્ર ગણેશ ગાવું, સુરજબાઇ ચરણે શીશ નમાવું રે.
બાઇ સુરજ સતી. ૧

સરસ્વતી કરો મુંજ સહાય, હાજર તમો ચરણું રહી ગુણ
ગાયરે. બાઇ.
ગુરૂના આક્રમનો નહીં પાર, કરૂ કેટલો તેનો વીસ્તારરે. બાઇ.
વાલમગામમાં અનેક કામ સારાં,ગુરૂ કરશે સરવેનાં ધાર્યાંરે. બા.
મનધારી જેને ધ્યાન ધર્યું, સહાય થઇને ગુરૂએ કામ કર્યુંરે. બા.
દ્રષ્ટાંત દેતાં વખત બહુ થાય, મારી જીભ્યા તો હારી જાયરે. બા.
ગામ ઉપલવુ ધામ ગુરૂ કેરૂં, હાલ તે ધુણીપર ચણ્યુછે દેરૂરે.બા.
ત્યાંતો સાક્ષાત દેવ બીરાજે,દરશન કરતા તમામ કામ સાજેરેબા.
ત્યાં જઇને જેણે આરાધન કર્યું, તેનું અનેક કારજ સર્યુંરે. બાઇ.
તે ધામ ગુરૂ બતાવ્યુ જેને, કાર્ય કૃપા કરે મુની તેનેરે. બાઇ.
મહારાજે આપ્યું છે આકયાનઝટ,તેનું નામ સુરજરામલટરે. બા.
તેતો શનીવારે ધુણીને ચેતાવે,પછી દરશન કરીને ઘેર આવેરે.બા.
તેને સહાય થયા ભગવાન, ઘણુ રાખ્યુ છે જેથી ધ્યાનરે. બાઇ.
તેને પૌત્ર પૌત્રીનું છે સુખ, ગુરૂ કૃપા કરી કાઢશે દુઃખરે. બાઇ.
તેની દીકરી જે ગીરજા આપે, તેને દખ દીધો કાલીસાપેરે. બા.
પોતે હતી તેના સાસરાને ઘેર,ઘણું વાધ્યુ કાલીનાગનું ઝેરરે.બા.
છગનસુત લક્ષ્મીશંકર જેહ,સસરો કહીએ તે બાઇનો એહરે. બા.
ઝેર ચઢયુંને લાવી નાંખી મંદીરમાંહે, જરા જીવતે દેખાય નહીં
જાયરે.બાઇ.
મુખ ચઢયુ કેણુ નેત્ર નીહાલ્યાં, તેનાં નેત્ર મરણ જેવાં ભાળ્યાંરે બા.
હાથ પગ જીવ દેહથી વછોડયો, તોએ ગુરૂથી ન આકયાન
તોડયોરે. બાઇ.
તેનો સસરો તે જીવ ભમાવે, કહેવા માંડયો હવે જીવ કયાંથી
આવેરે. બાઇ.

ત્યારે બોલ્યાં છે ગીરજાની માતા, હશે જીવવાની તો થશે
સુખશાતારે. બાઈ.
નથી લઈ જવા અહીંથી બીજે, ગુરૂચરણમાં ધ્યાન ધરીજેરે બા.
મારવી હશે તો મારશે પોતે, હમે નાંખી છે શરણાંની જોતેરે. બા.
આ વખત થયેલો ગુરૂનો દેહાંત, તેથી મનમાં પડેલી ભ્રાંતરે. બા.
રખે ગુરૂ વીના તેનો જીવ જાશે, પછી પસ્તાવો કરે શું થાશેરે.બા.
તોપણ ત્યાંથી તેને બીજે નવ લીધી, આવી ટેક ઝાલી ગુરૂ કૃપા
કીધીરે.બાઇ.
જ્યારે ટેક રૂડી ત્રીકમની ધારી, ગીરજાએ માતુશ્રીએવી વાણી ઉચ્ચા-
રીરે બાઇ.
મડા જેવી રાખી મંદીરમાંહે, અડધી રાત ગઈછે તાંયરે બા.
જીવ ગયામાં જરા નહીં બાકી, તોએ ટેક પુરી ત્રીકમની રાખીરે.બા.
ટેક રાખી એમ ત્રીભોવનેજાણ્યું,ત્યારે પ્રત્યક્ષ પારખું પ્રમાણ્યુંરેબા.
ટેક ઝાલી ગુરૂ કરી વારે આવ્યા, સઉ સેવકોને મન ભાવ્યારે બાઇ.
વાર કરી ઝેર ઉતારી દીધો, આવો પરચો તે શાક્ષાત દીધોરે બા.
આવી ફેણ મુખે ઉતર્યું છે ઝેર, સાજી કરી પછી લઇ ગયાછે ઘેરરે બા.
ઝેર ઉતર્યું ને જેજે વંચાય, સહુ હાથ જોડી પડીયા પાયરે. બા.
આવો અનેક પરચો ગુરૂ આપે, ટેક રાખે તેનાં સરવે દુઃખ કાપેરે.બા.
એમ જાણીને આરાધન કરશે, તેના મનના મનોરથ ફળશેરે.બા.
સંવત ૧૯૪૨ ની સાલે, ગુણ ગાતાં ગુરૂ કરશે ન્યાલરે. બા.
કરજોડી મણીલાલ ગુણ ગાય, ગરબો કેતાં આનંદ થાશેરે બા.
આવો પરચો દેશગુરૂ ધાર્યો, ગુરૂકૃપ[illegible]ર્યારે. બા.

ગરબી ૨૬

સુરજબાઇની પંદર તીથીયો.

સખી પડવે તે પંથે ચાલ્યારે, ઉપલવાના મારગ ઝાલ્યારે;
સાથે રામચંદ્ર ગુરૂ સાક્ષાત, સુરજબાનું નામ રૂદેમાં રહેજોરે. ૧
સખી બીજે ઉપલવે બીરાજેરે, કરશનદાસતણું મન દાઝેરે.
ઠામ મારે તમો આવ્યા આજ, સુરજબાનું. ૨
સખી ત્રીજે તે તતપર થઇનેરે, પરચો આપ્યો ગુરૂને કહીનેરે;
કામ શું છે તમારૂં અહી રહીને, સુરજબાનું. ૩
સખી ચોથે તે ચીતમાં ઠરીયેરે, રેવા ઠામમાગત કરનારીઓરે;
ત્યારે ક્રોધ ગુરૂનો ઉતરીયો, સુરજબાનું. ૪
સખી પાંચમે પારખું દીધુંરે, ખોદો કુવો તેવું બાએ કીધુંરે;
નામ રહેશે તમારૂં સીધું, સુરજબાનું. ૫
સખી છઠે તે છાનાં રહીનેરે, ચરચા જુવે છે લોક ત્યાં જઇનેરે;
આવે પાછા કાળાં મોઢાં લઇને. સુરજબાનું. ૬
સખી સાતમે સરવે મળીનેરે, ગુરૂ સહીત ઉપલવે રહીનેરે;
કહે વાતો ગુરૂ પાસે જઇને, સુરજબાનું. ૭
સખી આઠમે આવીને બેઠાંરે, તોડાપોળ મંદીરમાં પેઠાંરે;
જોત પ્રગટી તેતો સહુએ દીઠી, સુરજબાનું. ૮
સખી નોમે નવાનવા લોકોરે, ઘણા દુઃખથી પાડતા પોકોરે;
બાયે કાઢ્યા ઘણાના રોગો, સુરજબાનું. ૯
સખી દસમે દીલ મારૂં જાગ્યુંરે, સીતારામ જોઇ મનમાન્યુંરે;
પાંચ સીધાંથી કાંઇ નથી છાનું, સુરજબાનું. ૧૦
સખી એકાદસી અપવાસીરે, ઓછવ કરી સેવક થાય ખુશીરે;
દુઃખની વાતો બાને જાય પુછી, સુરજબાનું. ૧૧

સખી બારસે દેખ્યુ બહુ દુઃખરે, પોસ મહીનો અંધારી પક્ષરે;
ઓગણીસો બેતાળો સમક્ષ, સુરજબાનું. ૧૨
સખી તેરસે તરછોડી આવ્યારે, મંદીર ત્રસ્ટીઓને ભળાવ્યારે;
સરવે સેવકોનાં મન અકળાયાં, સુરજબાનું. ૧૩
સખી ચઉદસે ચરણે નમીનેરે, સઉ સેવક કહેછે કરગરીનેરે;
દુલભ બાના મન રહેજો વશીને, સુરજબાનું. ૧૪
સખી પુનમે પ્રેમથી કહુંછુંરે, ઘેર આવ્યો આશાભરી રહુંછુંરે;
લોકનીંદાથી નહીં ડરૂછું, સુરજબાનું. ૧૫
સખી પંદરતીથી થઇ પુરીરે, તેમાં એક નથી અધુરીરે;
શરણે રાખીને લેજો ઉગારી, સુરજબાનું. ૧૬

ગરબી ૨૭

મા તું પાવાની પટરાણી અંબે મા કાળકારે લોલ–એ રાગ.

કે પ્રથમ આરાધું સુત શંભુકે, માગુ એટલુંરે લોલ. ૧
કે આપો અવીચળ વાણી આપકે, ગુણ ગાવાતણીરે લોલ. ૨
કે ગુજરાતમાં ઉપલવું ગામકે, પ્રગણું પાટણતણુંરે લોલ. ૩
કે પ્રથમ પ્રગટ થયા ભગવાનકે, ઉપલેશ્વર ધામમાંરે લોલ. ૪
કે પરચો દેખાડયો છે તાંજકે, ભકતોની વારે ચઢયારે લોલ. ૫
કે મેતા નરસીકેરા સ્વામીકે, જ્યોતીસ્વરૂપ ખરૂંરે લોલ. ૬
કે બાઈ કુંવર જેનું નામકે, મોશાળું પુરીયુંરે લોલ. ૭
કે જેણે દ્રૌપદીના પુર્યા ચીરકે, લાજ રાખી તે તણીરે લોલ.૮
કે જુઓ મીરાંબાઇની ટેકકે, વીખ જેને પીધાંરે લોલ. ૯
કે તેવા ભકતોનાં કીધાં કામકે, જોતેશ્વર જાગતારે લોલ. ૧૦
કે પરથમ કહુછું પરણામકે, સુણજો સકલસભારે લોલ. ૧૧

કે બાઇ સુરજ જેનું નામકે, ભક્ત હરીતણુંરે લોલ. ૧૨
કે સુરજ સરખું જેનું તેજકે, તેજરૂપ ખરૂંરે લોલ. ૧૩
કે બાનું સુરજબાઇ નામકે, નાગરી નાતમાંરે લોલ. ૧૪
કે તેનો દેવતા સરખો અવતારકે, વરસ દસબારનાંરે લોલ. ૧૫
કે બાને ગુરૂ મલ્યા રામચંદ્રકે, હનરબાઇ સાથમાંરે લોલ. ૧૬
કે તેતો અવીચળ પદવી પામ્યાંકે, કામ સરવે સર્યાંરે લોલ. ૧૭
કે બાયે મુકયો છે અન્નચારકે, ધ્યાન હરીનું ધર્યુંરે લોલ. ૧૮
કે બાયે ધુણી તપાવી તાંયકે, ઉપલેશ્વર ધામમાંરે લોલ. ૧૯
કે ત્યાંતો પ્રગટ થયા ભગવાનકે, જોતી સ્વરૂપમાંરે લોલ. ૨૦
કે બા દરશન કરીને ચાલ્યાંકે, વાલમ ગામમાંરે લોલ. ૨૧
કે શેરી તોડાપોળમાં વાસકે, હટી ત્યાં આવી રહ્યાંરે લોલ. ૨૨
કે બાયે ટાળ્યાં સઉનાં દુઃખકે, સુખી સઉને કર્યાંરે લોલ. ૨૩
કે જોતીસ્વરૂપને ભજશે જેહકે, વૈકુંઠ પામશેરે લોલ. ૨૪
કે બાયે મુસ્તક મુકયો હાથકે, બાઈ દુલભીતણેરે લોલ. ૨૫
કે તેતો અવીચળ પદવી પામ્યાંકે, તરત પરછો મળ્યોરે લોલ. ૨૬
કે જુવો જોવા સરખી વાતકે, આહાર સરવે તજ્યારે લોગ. ૨૭
કે કીધાં ભકતોનાં બહુ કાજકે, ઓધાર્યાં નરનારીઓરે લોલ. ૨૮
કે એવા જોતેશ્વર ભગવાનકે, જે કોઈ આરાધશેરે લોલ, ૨૯
કે ભજશે એક મને નીરધારકે, વૈકુંઠ પામશેરે લોલ. ૩૦
કે ગાયા ગાયા સુરજબાના ગુણકે, હેત ઉમંગથીરે લોલ. ૩૧
કે બા તુજ સેવક હરીશંકરકે, તમ શરણે નમેરે લોલ. ૩૨

ગરબી ૨૮

સુરજબાઈ સુધામે જે ગયાંજો, ઉપર અબીલ ગુલાલ ઉડી રહ્યાંજો. સુ.
ઘંટનાદે ઘડીયાલો ગાજતીજો,બહુ નગારા નોબત વાજતીજો. સુ.
બા પોતે પ્રભુતુલ્ય હતાંજો,સૌને અવીચળ વાણી આપતાંજો.સુ.
પોતે પવીત્રને પ્રવીણઘણાંજો, કારજ સુધાર્યા ગરીબતણાંજો. સુ.
લોકો આવેતે બાજીને પુછવાજો, દુખસુખના સમાચાર બુજવાજો. સુ.
બાઈ સત્ય તો વારતા બોલતાંજો,દુખસુખના પડદા ખોલતાંજો.સુ.
બા સુખનો વીસામો તમો ગયાંજો, દુઃખ કેતાં આવી તમને અમોજો. સુ.
બા બતાવતાં પ્રેમે કરીજો, કામ જાતાં અમારાં સુધરીજો. સુ.
બા સુખનો ભંડાર ગયાં તમોજો, કષ્ટ કોને કહીએ આવી અમોજો. સુ.
કેમ વાર કરોછો આપ આવડીજો,હું તો પુજુ તમારી પાવડીજો.સુ.
બા આગળ ઓછવ થયા ઘણાજો,ખુબીમાંતો નથી રહીમણાજો.સુ.
બાની ઉપર પુષ્પ ઉડયા કરેજો,સેવા કરે તેનાં કારજ સરેજો.સુ.
ગાતાં ગાતાં સરસ્વતી લાવીયાંજો, ઘણા લોક દરશનને આવીયાંજો. સુ.
ભજન કરી પોતે પ્રભુ ભજ્યાજો,તેતો ઉંઘ આળસ નીંદ્રા તજ્યાંજો.સુ.
સંતમંડલે સમાચાર કહાવીજો, સીધપુરથી વીઠો ભગત આવીયાજો. સુ.
આવી દંડવત કર્યાછે તેમણેજો,ભલાં ભજન કર્યાછે એમણેજો.સુ.
સંવત૧૯૪૨પોસમાસમાંજો,ભલુ ભજનકર્યું હરખહાસમાંજો.સુ.
મણીલાલ દાસસંતચરણે નમેજો,બાપુંઠલ મારૂ મનડુંભમેજો.સુ.

ધન કાળકા માત વસીયા ઉપલવા માંહારે જાયગા જોઇને.
માની પાસે અંબીકા રાજેછે, ત્યાં હુનમાન બંતો બીરાજેછે;
બ્રહ્માનંદ શીર માજી છાજેછે. ધન. ૧
માનો બાબરીયો વીર બહુ બળીયો,ત્યાં ગોખ કરીને દંડ ધરીયો;
તેણે બ્રહ્માનંદ દેવ વશ કરીયોરે. ધન. ૨
આમ વાલમના બ્રાહ્મણ આવ્યા, સ્વામી બ્રહ્માજીને મનભાવ્યા;
ત્યાં મહાદેવજી રૂડા પધરાવ્યા. ધન. ૩
માનો ચાચરચોક બહુ રૂડો, બાએ પહેર્યો હાથે કનકચુડો;
તમે કોઈ ન કરશો મન કુડો. ધન. ૪
માના મંડપમાં સમીવૃક્ષ છે, માજી આપ બેઠા પ્રતક્ષ છે;
એતો બ્રહ્માજીને મન સત્ય છે. ધન. ૫
માના દરશન કરવા સૌ આવે, મારી માજીને તો મન ભાવે;
ત્યાં પુજા સામગ્રી સૌ લાવે. ધન. ૬
ત્યાં કદમવૃક્ષની છાયા છે, એ ઉપલેશ્વરની માયા છે;
એવા ગુણ સેવકે ગાયા છે. ધન. ૭
ત્યાં બ્રહ્મભોજન ઓછવ થાયછે, સુરજબાઈ ધુંણી મહીમાયછે;
દાસ જીવરામ ગરબો ગાયછે, ધન. ૮

સુલેશ્વરી માતાના ગરબા.

ગરબી ૧ રાગ પ્રભાત.

ધ્યાનધર ધ્યાનધર સુલેશ્વરી માતનું, જેને મુનીવર મુનીવર શીશ નામે;
ધ્યાન શીવજી ધરે વીશ્નુ સેવા કરે, માતાનો પાર બ્રહ્માન પામે ટેક.
આદ્યબ્રહ્માણી રૂદ્રાણી મહાલક્ષ્મી, વેદવિખ્યાત નવખંડ જાણી;
રિદ્ધ સિદ્ધ દાયણી કાપે પાતકહણી, માત ત્રિભુવન ધણી માતરાણી. ધ્યાન. ૨
આદ્ય જોગેશ્વરી માત ત્રીપુરેશ્વરી, આદ્ય માહેશ્વરી સુખદાઈ;
દાતાછે શક્તિ તું ભક્તને મુક્તિ દે, જાણી પોતાતણા લે નભાવી. ધ્યાન. ૩
દુષ્ટસંહારણી દૈત્યદળ મારણી, ભક્તજન તારણી સુલભ માતા;
દાસ મંડલીતણી રાખ સાહ્યત ઘણી, બાળજાણી કરો સુખશાતા ધ્યા. ૪

ગરબો ૨ રાગ સોલંકી.

સમે સંભુજીના સુતને આરાધું,હું તો વર્ણવીને ગુણ માતાના ગાઉં રે;
મારી સુલેશ્વરી માત. ટેક. ૧
શ્રેષ્ટનગર આ વાલમ ગામ, મુની વાલમી કે વસાવેલુ ધામરે મા. ૨
તેના ઉગમણા દરવાજા પાસે, માતા સુલેશ્વરીનો ત્યાં વાસરે મા. ૩
માના મંડપની રચના સારી, જોતાં દીલડું થાય સુખકારીરે. મા. ૪
માનું દેવળતે અદભુત પ્રકાશે, જાણે દેવલોકનો સ્વર્ગવાસરે મા. ૫
માની ચાર આર ઘડી પુજા થાય, ઉત્તમ પકવાન ભોગધરાયરે મા. ૬

માનો ડંકો તે દેશ દેશ વાગે, માને પારે આવીને પાય લાગેરે મા. ૭
સુલેશ્વરીમાનું ચરીત્ર સુણાવું, હુંતો પ્રથમ ગાઈ સંભળાવુંરે મા. ૮
પુરવદેશમાં બંગાળાપ્રાંત, તેમાં કલકત્તાશહેર વીખ્યાતરે મા. ૯
ત્યાંથી ઉત્તરદીશાએ જોજનસાત, નામે મણીપુરનગર વીખ્યાતરે
મારી. ૧૦
ત્યાંની રઇયત પ્રજા સુખકારી, રાજા ચંદ્રસેન ઘણો ગુણકારીરે
મારી. ૧૧
ચંદ્રસેનને પડે ન સુખચેન, તેનું કારણ કે પેટ નહીં સંતાનરે મા. ૧૨
પુરવનું એવુંછે વરદાન, કે રાજા કરે નવવાર હોમ હવનરે મારી. ૧૩
ત્યારે પુત્રની વરધી થાય, તેવું કહી ગયાછે રૂષીરાયરે. મારી. ૧૪
હોમ એક પુરો નવ થાય, ત્યાં વસેછે અસુરરેણુંકાયરે મારી. ૧૫
તે ન કરવા દે પુરાં હોમજ્ઞય, જો કરે તો આવી પડે વીઘ્નરે મા. ૧૬
ચંદ્રસેને ધર્યુંછે માનું ધ્યાન, ખરા દીલથી સાંભળીયું કાનરે મા. ૧૭
ત્યારે માજીએ દીધું તેને સ્વપ્નું, હોમ કર્યા પછી થશે તારૂં સારૂંરે
મારી. ૧૮
રાજાએ કરી ત્યાં હોમની તૈયારી, મોટા રૂષી તેડાવ્યા આચારીરે
મારી. ૧૯
અસુર થયા ત્યાં તૈયાર, વિઘન કરવાને હાથ લીધાં હથીયારરે મા. ૨૦
માજીએ સાંભળી રાજાની અર્જ ભારી, ત્યારે અસુર થયા છે અંધ
કારીરે મારી. ૨૧
માએ વાઘ ઉપર કીધી અસ્વારી, ત્યાંથી નાઠા અસુર જીવ લઈરે
મારી. ૨૨
વાઘે ભરી છે એક મોટી ફાળ, અસુર સરવેનો કીધોછે કાળરે મા. ૨૩
નીરભયથી કર્યો છે પુરો યજ્ઞ, રાજા ચંદ્રસેન પામ્યો પુત્ર તર્તરે. મા. ૨૪
રાજા આવ્યો ગુજરાત માને ઠામ, પાટણવાડામાં વાલમ ગામરે
મારી. ૨૫

રાજાએ કીધાં છે માજીનાં દરશન, તેથી થયું છે દેહનું કલ્યાણરે મા. ૨૬
માયે બીજો તે પરચો બતાવ્યો, જનુંબાયે તે હાથીયો રોકાવ્યોરે મારી. ૨૭
જનુબાયે તે ખોટું કામ કીધું, તેનું કોગળીયે કાટલું કીધુંરે મા. ૨૮
છોકરાં છૈયાંને નરનારી, જનુબા થયો છે દુખકારીરે મારી. ૨૯
જનુંબા ઘણું દુઃખ પામ્યો, તેતો માજીને આવીને પાય લાગ્યોરે મારી. ૩૦
હાથીઓ ઠાઠું જોડાવ્યું નીરધાર, ત્યારે સુખી થયો એણીવારરે મા. ૩૧
માયે ફરીને પરચો બતાવ્યો, ચૈતર વદ ૧૦નો હાથીયો રોકાવ્યોરે મારી. ૩૨
માયે સ્વપ્નું આપ્યું છે નીરધાર, બીજે દીવસે જોડાવ્યો તેણી વારરે મારી. ૩૩
બંધ રખાવાવાળો પામ્યોદુઃખ, હાથીયો જોડાવ્યા કેડે થયું સુખરે મારી. ૩૪
ગરબો ગાનાર ભકતદાસ તારો, તેને ભવસાગરથી તારોને મારી. ૩૫
માજી ભુલચુકની કરજો માફી, સરવે દુઃખડાં નાંખજો કાપીરે મા. ૩૬
સંવત ૧૯૫૮ની સાલ, જુની નકલથી થયું છે તૈયારરે મારી. ૩૭

ગરબી ૩ રાગ માઢ.

સુલેશ્વરી માડી વાલમવાળી, મહેર કરો મંમાય. (૨) વાર.

સાખી.

વાલમ મધે વાલમ તારો છે, મંમાયા નીરધાર;
સેવકજનપર મહેર કરીને, શરણે રાખો આવારરે. સુલે. ૨
મુગટ માને સીરપર સોહીયે, શોભાનો નહીં પાર;

માજી તારા પારે આવ્યા, ઉતારજો ભવપારરે. સૂલે. ૩
વાઘતણી અસ્વારી માને, શોભાતો બહુ થાય;
શણગારતણી શોભા કહું, વરણવી નહી વરણાયરે. સુલે. ૪
ગળે દુપીયો દામણી સોહીયે, અકોટીને ડુલ;
પાયે ઝાંઝર અણુવટ વીંછવા, દશે આંગળીયે ફૂલરે સુલે. ૬
ચૈતરવદ છઠે શેર-શેરે, ખીચડો ત્યાં બફાય;
પલ્લીતણી જયજ બોલી, સુલેશ્વરીએ જાયરે સુલે. ૭
ચૈતરવદ સાતમને દીને, ફૂલ વેહેચામણી થાય;
પટેલ તો ચોપાડીયે બેસે, માલી વેંચી જાયરે સૂલે. ૮
અષ્ટમીયે તો ચોપાડીયે, નાયક રમે સાર;
સરવે લોકો જોવા આવે, ચોપાડીયે નરનારરે સુલે. ૯
નવમીયે તો ડેગમારે, પેંપર તળે જાણુ;
રાત્રે તો હાથીયો ઠાકું, જોડાય છે નીરવાણરે. સુલે. ૧૦
નુમદશમના હાથીયારે, આનંદ ઓછવ થાય;
સુલેશ્વરી માતાતણો, બોલો જયજયકારરે. સુલે. ૧૧
આસો માસે નવરાત્રીયે, મેળો ત્યાં ભરાય;
અષ્ટમીયે તો હવન થાયછે, ગામ મળી કરનારરે. સુલે. ૧૨
તરૂણ મંડળીતણી માતા, તમો પુરજો આશ;
ભુલચુકની માફી આપો, ઉતારજો ભવપારરે. સુલે. ૧૩
સંવત ૧૯૫૮ સાલે, અનેજ ચૈતરમાસ;
વદ ૧૪ ને મંગળવારે. ગરબી જોડી સારરે. સુલે. ૧૪
જોડનાર છે સેવક તારા, મંમાયા નીરધાર;
મંડળીતણી પુરજો આશા, ઉતારજો ભવપારરે. સુલે. ૧૫

ગરબી ૪ રાગ લાવણી.

ધન્યધન્ય સુલેશ્વરી માડી, મેં તો જોયુ નજરે ભાળી;
એ બે દરવાજાવાળી, મેં કર્યાં દરશન.
જેની શોભાનો નહીં પાર, દરશન કરે નરને નાર;
દીસે માડી ભયંકર, હું થયો પરસન.
સૌ જાએ સુલેશ્વરીને દેરે, લોકો શ્રીફલ વધેરે;
માતા શણગાર પહેરે, શોભા છે રૂડી.
મંમાયા રૂપે ભારી, જગતની દીનદયાળી;
કંઠે ગજરા નાકે વાળી, એને હાથે ચુડી.
હું જોવા ગયો ચાલી, માજી ઉભાં ખડક ઝાલી;
એને હાંસડી તુલસી ઘાલી, પહેર્યાં ચીર ચોળી.
સહુ જોવા જાએ સાથે, ઘુઘરી પોંચી બાંધી હાથે;
શોભે મુગટ માથે, એવી સુલેશ્વરી ભોળી.
માને શણગાર જડયાછે, પુઠે તકતા જડયાછે;
દ્વાર પીતલે મઢયાછે, દેવી છે સનમુખ.
જોતાં અકલ થઇ જાય ગાંડી, મેં જોયું નજરે માંડી;
અંદર લટકેછે હાંડી, બહાર એક જમરૂખ.
ત્યાં થાય ઘંટ ઘમકો, માનો વાગે ઝાંઝર ઝમકો;
ત્યાં ભક્ત કરેછે ઠમકો, સૌ સેવક નાચે.
ઘણા ભક્ત ધરતા ધ્યાન, વંઝા માગેછે સંતાન;
શુનેગાર પકડે કાન, અને થૈ થૈ નાચે.
ત્યાં ભક્ત ઘણા ફરે, આખો દીન ચોકી કરે;
ખુબ રીતે પેરો ભરે, આખી રાત જાગે.

હું મંમાયાને માનું, એનું નથી કાંઇ છાનું;
માના સામું નગારખાનું, ત્યાં ઘંટ વાગે.
ઉપર શીખર છે ઠેઠ, સેવક બેસેછે હેઠ;
સાંજ પડે થાય ભેટ, ત્યાં આરતી કરેછે.
રવીવારે થોકાથોક, દરશન કરે ટળે શોક;
સાંજે જાય સેવકલોક, તે ત્યાં ઉભા રહેછે.
વાલમ સારૂં છે શહેર, મંમાયા કરજો મહેર;
સૌને થાય લીલાલહેર, એટલુંજ માગું.
પુજારી હરગોવીંદ આદીતરામ, જીલે અમદાવાદ મુકામ;
નાગર હવેલીમાં ઠામ, માત પાયે લાગું.
સંવત ૧૯૫૭ની સાલ, શ્રાવણ શુદ ૧૪ રવીવાર;
જોડનાર મંડળી સાર, માતા પાયે લાગું.

દોહરા.

વાલમ ગામ છે બહુ સારૂ, જોવા આવો સાર;
સુલેશ્વરી માતાતણો, બોલો જયજયકાર.

ગરબી ૫ રાગ બનજારા.

જય જય સુલેશ્વરી માત, તારો પડચો પડચો છે સાક્ષાત;
વાલમ ગામમાં તારો ધામ, સુલેશ્વરી કરીયે પ્રણામ;
જેની શોભાનો નહી પાર. જય૦ ૧
માની વાઘતણી અસ્વારી, જોવા આવેછે નરને નારી;
જેના મંડપનો બહુ ઠાઠ. જય૦ ૨

માનો ધામ અતી વીશાળ, પ્રથમ ભણુતી હતી નીશાળ;
દેવીતણો બહુ મહીમાય. જય૦ ૩

મોર મુગટ જેને માથે, બાજુબંધ બાંધ્યા છે હાથે;
કોટે દામણી અકોટી સાર. જય૦ ૪

માની બાજુમાં દેવળ, હનુમંત વીધાત્રા મહાદેવ;
જોડે અંબેને બહુચર માત. જય૦ ૫

માને નેપુરનો ઝણુકાર, કડાં સાંકળાંનો નહીં પાર;
નાકે નથની સોહીયે સાર. જય૦ ૬

આસો માસે મેળો ભરાય, નવરાત્રીયે ખુબી થાય;
જેના તેજતણો નહીં પાર. જય૦ ૭

પુજારી હરગોવીંદ આદીતરામ, વાલમગામમાંહે મુકામ;
એના વંશનો વધજો વીસ્તાર. જય૦ ૮

સંવત ૧૯૫૮ની સાલ, માહા શુદ ૧૧ને મંગળવાર;
જોડનાર તારો છે દાસ. જય૦ ૯

ભુલચુકની આપજો માફી, સરવે દુઃખડાં નાંખજો કાપી;
જોઇએ તેવો આપજો લાભ. જય૦ ૧૦

ઇચ્છું તમ દરશનનો પ્યાર, દુઃખ કાપવા થાજો તૈયાર;
તમે ઉતારજો ભવપાર. જય૦ ૧૧

ગરબી ૬ રાગ કલ્યાણ.

શ્રી સૂલેશ્વરી, મમ માતુ છો ખરી;
વીનતી દાસની સૂણીને, અર્જ ઉર ધરી.
વાલમ મધે વાલમ તમારો, મંનાયા નીરધાર;
સેવક જનપર મહેર કરીને, રાખો અપરંપાર. શ્રી૦ ૧

ખડગધારણી ત્રીશુળધારણી, આદ્યશક્તિનું આજ;
ભવદુઃખહરણી માતુ મારી, કરજે કુશળ કલ્યાણ. શ્રી૦ ૨
સીંહપર સ્વારી છે તારી, દેવી તું છે દયાળ;
વારંવાર નમું હું તુજને, કરજોડી બેઉ હાથ. શ્રી૦ ૩
હાથે બાજુબંધ બેરખી, ગળે એકાવળ હાર;
કોટે દામણી હુંપીયો સોહીયે, શોભાનો નહીપાર. શ્રી૦ ૪
માતું મારી અદભુત શોભે, દેખી કંપે કાય;
દરશન કરે કપટ રાખી, સફલ કામ નહી થાય. શ્રી૦ ૫
સંવત ૧૯૫૭ની સાલે, અધીક શ્રાવણ માસ;
શુદ ૧૪ને મંગળવારે, ગરબી જોડી સાર. શ્રી૦ ૬
કરજોડીને કહે મંડલી, ઉતારજો ભવપાર;
સુલેશ્વરી માતાતણો, બોલો જયજયકાર, શ્રી૦ ૭

ગરબી ૭ રાગ ધનાશ્રી.

વંદુ હું વારંવાર, સુલેશ્વરી વંદુ હું વારંવાર;
ભક્તાને માજી શરણે રાખો, ખુશી કરો અપરંપાર. સુ૦ ૧
શરણ રહીને સેવા કરીશું, ભક્તિ ન ભુલું લગાર. સૂ૦ ૨
ભકિતથી અમે ભવ તરીશું, માઇ એટલુ લાવજો પ્યાર. સું૦ ૩
સજનો તમે સૂલેશ્વરીને ભજશો, તો જાશો સ્વર્ગમોઝાર. સૂ૦૪
જે નર સુલેશ્વરીને ભજશે, તેનાં પાપ જનમનાં જાય. સુ૦ ૫

ગરબી ૮

ચણું આપે આરાસુરી રાયરે અંબીકા દેવીરે એ રાગ.

પ્રથમ સમરૂ હુ ગણપતી દેવરે, ભારતી આરાધુરે;

ખરૂં ગરબો ગાવાને અભીલાખ, તેથી વાણી માગુરે. ૧
માત મુલેશ્વરી મહીમાયરે, કહુ હુંતો આજેરે;
તેમાં મુજને તુ શુદ્ધમતી આપ, માતુ શીરતાજેરે. ૨
ઓગણીસો વરસથી માતરે, વાસ અહીં કીધોરે;
કરી પાવન વાલમ ગામ, ખુનીને દંડ દીધોરે. ૩
અન્ય દુષ્ટને પણ દંડરે, માત તેં તો દીધોરે;
કરી ભકતજનપર ઘણી મહેર, તેઓને સુખી કીધોરે. ૪
કરી માત તમારી સેવરે, તેણે સૂખ લીધુંરે;
જાણો જગમાં જનમીયો તેહ, સારથક કીધુંરે. ૫
મેળા તુંજ દેવલ કેરી માંહેરે, માજી મારી થાયરે;
ચૈતરને આશ્વિન માસ, ગુણ સહું ગાયરે. ૬
જુઓ ચૈતર વદ છઠરે, ઠઠુ થઇ જાયરે;
રાત્રે દરશન અર્થે લોક, મંડપમાં જાયરે, ૭
પછી સાતમ કેરે દીનરે. કૂલો વેહેંચાયરે;
હાથીઆની તૈયારીયો માત, આઠમદીને થાયરે. ૮
પછી નોમ દશમની રાતરે, શોભા સારીરે;
હાથીયો ઠાઠુ જોડાય, જાઉ બલીહારીરે. ૯
અડધી રાત પછીથી તેહરે, ગામ બહાર જાયરે;
ઉત્તર ભાગોળે દોડે ખુબ, ખુબી તો થાયરે. ૧૦
મળે નરનાર જોવા હાજરે, હરશઘેલાં થાયરે;
પરોઢીયા પહેલા લોક, ઘેર આવી જાયરે. ૧૧
આમ ચૈતરમાં મેળા થાયરે, કહ્યું તેતો પુરૂરે;
હવે આસોનો કહુ મહીમાય, રહ્યું છે અધુરૂરે. ૧૨

આસો સુદ પાંચમથી ઠઠરે, મેળા ભરાયરે;
નરનારી મળે સહુ લોક, માના ગુણ ગાયરે. ૧૩
એમ અષ્ટમી સુધી થાયરે, ખુબી જોવા જેવીરે;
વળી આઠમ કેરે દીન, યજ્ઞ થાય એવીરે. ૧૪
નવમીના દીનની માંયરે, ઘણો મેળો થાયરે;
વીજ્યાદસમી કેરે દીન. ખુબ ખુબી થાયરે. ૧૫
એમ આસોનો થાય મહીમાયરે, થાય નીરધારરે;
નામુ પ્રીતે સુલેશ્વરી માત, શોભાનો નહિપારરે. ૧૬
માથે મુગટ ધરીયો માતરે, કાને કુંડળ ઓપેરે;
ભાલે તીલકનો ચળકાટ, ચુંદડી શોભેરે. ૧૭
કંઠે મુક્તાફળનો હારરે, છાજી રહ્યો માજીરે;
પગે પાવડીયોને પુર, તેતો રહ્યાં ગાજીરે. ૧૮
હવે હરગોવીંદ તારી સેવરે, કરીને ધ્નાન ધરતારે;
રોજ પુજા કરી મા તેહ, મગ્ન થઈ ફરતારે. ૧૯
સુલધારી સૂલેશ્વરી માતરે, હું તુજ દાસરે;
કૃપા કરો કહેછે એમ, ગૌરીશંકર વ્યાસરે. ૨૦

ગરબી. ૯

ખરનીપેઠ પોતે ખાધુરે, ખુટલને ધન શા ખપનું—એ રાગ.

નમન કરૂં સૂલેશ્વરી માત, વાસ કીધોછે વાલમમાં;
ઉદ્ધાર ભકતોનાં કરવા કાજ, પ્રગટ થયા મા આલમમાં.
કરે કરજોડી વીનતી આ દાસ, થાશું હું તુજ આ સ્થળમાં;

કથવા તુજ વરણુન ચહુ માત, આજ વીનતી આ સ્થળમાં.
તું કૃપાળુ જગ્નની ત્રાતા માત, ભકતતારણુ તું ભકતજણી;
ઓગણીસો વરસથી કીધો વાસ, વાલમપર કરી મહેર ઘણી.
આશરે કહુછું તે હુ માત, કંઈક કારણો આધારે;
સંવત તેરત્રેપનની સાલ, વિક્રમરાજાની જ્યારે.
અલ્લાઉદ્દીન ખુની આ ઠાર, આવ્યો હતો તેવારે;
તેણે જે જે કરીયા જુલમીકાજ, નીશાની તેછે આહારે.
કર્યું ખંડીત કૃશ્નમંદીરને માત, તથા તમારા દેવળમાં;
ફરતાં પુતળાં જેછે પાછળનાં, તે દેખાયે એ પળનાં.
કાળંચાઘોળીયાને પણ માત, ખંડીત કરીયાં તેજ સમે;
તે આધારે કહુછું માત, તે પહેલાં વસીયાંજ તમે.
અલ્લાઉદ્દીન ખુનીનો નાશ, કરાવી પોતે મુક્તિથકી;
બાળી બહુચરમાતાની પાસ, ક્રોધ કરીને નેનનકી.
તું દુષ્ટોને દમનારી માત, હાથ ધર્યું ત્રીશુલ ખરૂં;
તેથી તુંજ નામ શુલેશ્વરી માત, વરણુન અતી હું શું કરૂં.
તુજ કૃપાવડે સુલેશ્વરી માત, પંગુ ગીરી ઉપર ચઢે;
આંધળા દેખતા થાયે માત, નીરધનજનને ધન મળે.
મુગા બોલતા જાયે રૂડીપેર, મુરખજન ડાયો થાયે;
વાંજીયાં પુત્ર પામીને લહેર, કરતાં તારાં ગુણ ગાયે.
તું દુષ્ટોને દમનારી માત, હાથ ધર્યું ત્રીસુળ ખરૂં;
તેથી તુંજ નામ સુલેશ્વરી માત, વરણુન સતી હું શું કરૂં,
સંવત ૧૯૬૨ની સાલ, કૃશ્નપક્ષ શ્રાવણુ માસે;
વદ દશમને મંગળવાર, ગરબી જોડી સાંજ સમે.

જોડનાર છે તારો દાસ, મહીવાડામાં રહેછે તેહ;
દયારામનો કહીયે સુત, પ્રહ્લાદ નામે ઓળખાય જેહ.
અટક પોતાની જોશી છે, દેવીને ભજનારો દાસ;
કરજોડીને કહે છે તે, ચરણકમળમાં રાખો પાસ.

ગરબી. ૧૦

પુજું ગણપતીનેપાય,કહું સુલેશ્વરી મહીમાય,સહાયથાજોનેશારદારે;
વાલમ મધે તારો વાસ, એમ કહે તુજ દાસ, કામ પુરણ મારૂં કરોરે.
વાઘ ઉપર અસ્વાર, લીધી ઢાલ તરવાર, માજી દાનવોને મારવારે;
સજ્યા સોલશણુગાર, વાગે મૃદંગ તાલ, ઓછવ થાય અતી ઘણારે.
માના પરચા અનેક, ધ્યાન દઈ રાખે જે ટેક, કામ સફલ તેના કરેરે;
માના રૂપનો નહીં પાર, બેઠા સજી શણુગાર, અને ત્રીશુલ હાથે ધર્યુંરે.
મેળો ભરાય આસોમાસ, જોવા કેરો બહુ ઠાઠ, નવરાત્રી કેરે દીનમાંરે;
પાંચમથીઆઠમસુધીથાય,જોવાઆવેનરનાર,ગુણતારાસહુગાયછેરે.
અષ્ટમીએતોહવનથાય,ઘરોઘરઓચ્છવથાય,માનાપારેસહુઆવતારે
નવમીએ ભરાય ખંડ, પરચો નવે તે ખંડ, ત્યાં ભેટ સહુ લાવતારે;
માસ ચૈતરનો મહીમાય,કરૂ તેનો વીસ્તાર,દાસજાણી પાર ઉતારજોરે;
જુઓ ચૈતરવદનીછઠ,મેળોભરાય ત્યાંઠઠ, દરશનકરવામાટેઆવતારે;
ચૈતરવદનીસાતમથાય,માળીફૂલવેંચીજાય,પછેલચોપાટીયેબેસતારે
વળી ચોપાટીયે નીરધાર, નાયક રમે તે ઠાર,આઠમ કેરા દીનમાંરે;
નોમ દશમનો દીન થાય,હાથીઓડાકુ જોડાય,સૂલેશ્વરી માતાતણુંરે;
જોડનાર તુંજ દાસ, રહે છે વીશનગરની પાસ, પ્રસીધવાલમગામછેરે
સંવત૧૯૧૨ ની સાલ,કૃષ્ણ પક્ષ બુધવાર,માસ શ્રાવણ ગાજી રહ્યોરે.

કહે છે કરજોડી દાસ, નામ પ્રલ્હાદ છે ખાસ, ગરબો મુંબાઇ મધે કર્યોરે.

ગરબી. ૧૧ આરાસુરનીરે અંબા—એ રાગ.

છોગાળી મારી સુલેશ્વરીએ જઇએ, મનની તે વાતો માજીને કહીયે;
છોગાળી. ૧
આદીતવારે મા આનંદમાંરહીયે, શુલઇમાતાના ગુણજ ગાઇયે;
તમારા છોરૂ માજી અમે જઇએ, છોગાળી. ૨
સોમવારે સહાય થાજો માજી, મુખડું જોઈહુતો થાઉ રાજી;
દુનીઆંની જુઠી છે બાજી, છોગાળી. ૩
મંગલે મહેર કરો માડી, આવે સહુ દરશને દહાડી;
નવરાત્રીમાં આવે નરનારી, છોગાળી. ૪
બુધવારે બુધી સારી આપો, સંસારમાં થીર કરીને થાપો;
સેવકોનાં મા દુઃખજ કાપો, છોગાળી. ૫
ગુરૂવારે ગોખ રૂડો ભાળી, મોહ્યુરે મન માજીને ન્યાળી;
આપ છો માજી બાળા સ્વરૂપબાળી, છોગાળી. ૬
શુકરવારે સાંભળજો અરજી, હોયે માજી જો તમ મરજી,
દુનીઆં આ છે સહુ ગરજી, છોગાળી. ૭
શનીવારે સહાય કરોમાતા, ગુણ તારા મા નીતનીત ગાતા;
પારે આવ્યા પાછા અમે જાતા. છોગાળી. ૮
સાતેવાર જીવરામે ગાયા, મોટીછેરે માજીની માયા;
સેવક સરવે દરશને ધાયા. છોગાળી. ૯

ગરબી. ૧૨ આરાસુરનીરે અંબા—એ રાગ.

વીખ્યાતપુરમાંરે માતા, સુલેશ્વરીના ગુણુજ ગાતા;
ઉગમણેરે દરવાજે ચઢીયે, મુખડાં જોઈમાને દંડવૃત પડીયે.
ચાચર ચોકરે રૂડો, માજી પહેરે કનકનો ચુડો;
વેસરવાળીરે સારી, આંખ આંજી છે માથે અણીયાળી.
મુગટ મણીથીરે જડીયા, હીરા માણેક વચમાં મડીયા;
ચોટલો દીસેછેરે કાળો, કોટે ઘરેણુંને ગળચુવો સારો.
ચુંદડી પહેરીરે રાતી, હીંડે મારી સુલેશ્વરી મદમાતી;
ચોળી દીસેરે લીલી, જરી બુટાને માંહે ભાતજ પીળી.
ટીલડી શોભેરે રૂડી, ખળકે હાથે કંકણુ ચુડી;
બાંહે બાજુબંધરે બાંધ્યાં, કડલાં કોબી શોભે સારાં.
પાયે વાગે વીંછુવા રૂડા, પહેર્યા માએ પુલપુલ તોરા;
પાવડીની પુજારે કરીયે, સુલેશ્વરીનું ધ્યાન રૂદે ધરીયે.
મંડપની બાજુમાં ફરતા બંડા, બજરંગના હાથમાંછે ડંડા;
દરવાજે પાછળનોરે નાનો, એતો ગામભણી જવાનો.
રચના દીઠીરે એવી, સનમુખ બેઠાં બહુચર દેવી;
મહાદેવ દીઠારે ભોળા, અંગે ચઢે માને ફુલના તોરા.
પ્રક્રમા કરીનેરે આવ્યા, સનમુખ રહીને શીશ નમાવ્યા;
ઉત્તર દીશાએછે બારી, બાજુમાં છે કુઇ એક ખારી.
દક્ષિણ દીશાએરે પડાળી, ઓરડી સામાસામી બે ભાળી;
હરગોવન પુજારી જેવા, માજીની તો કરતા સેવા.
નવરાત્રી રૂડીરે આવે, ઘંટ વાજેને ગરબા ગાયે;

નાગરનર ઉત્તમરે નારી, ગામના લોક આવે બહુભારી.
દર્શન કરવાને કાજે, માજી મારાં વાલમમાં બીરાજે;
નવરાત્રીમાંરે ગઢ વાગે, જોવા આવે સહુ માની આગે.
પાંચમથી આઠમને દહાડે, ગામ મળી આવે માજીનાપારે;
મંડપ દીસેછે રૂડો, માજી સહુની આશા પુરો.
હું છું અજ્ઞાની દાસ તારો, વાલમમાં વાસ છે મારો;
ચુનીલાલનેરે ભવતારો, જોસીઓની પોળમાં રહેનારો.

ગરબી. ૧૩ રાગ કલ્યાણ.

જય જય સુરેશ્વરી, તું જગત ઈશ્વરી;
હમ ઊપર કૃપા કરો મા કહુ છું કરગરી.
સરસ્વતી પ્રણામ કરૂંને, ગણપત લાગુ પાય;
ગુણ ગાઉં મા અંબે તારા, કરોને મુંજને સહાય. જય૦ ૧
વાલમ ગામ નગર માતાનું, વસવા કેરૂ ઠામ;
ઇચ્છે તેવાં પુરણ કરે છે, મા તુ મારાં કામ. જય૦ ૨
ધામ રૂડો સુખ ઉગમણો છે, માજી કેરો વાસ;
દરશન કરવા ભાવ ધરીને, ભક્તો આવે પાસ. જય૦ ૩
આશ્વીન માસે નવરાત્રીયે, માનો મેળો થાય;
દરસન માના કરવા માટે, ગામ મળીને જાય. જય૦ ૪
પંચમીયેથી હરહમેશાં, આઠમની પર્યંત;
માજી આગળ વાજુ વાગે, જોતાં ઉપજે ખંત. જય૦ ૫
એ વાજુ વાગે છે દેસી, હાથ બનાવટ એહ;

કોણુ જાણે એ કથા વખતથી, વાત બની છે તેહ. જય૦ ૬
અષ્ટમીએ મા હવન થાય છે, ગામ મળી કરનાર;
તે દહાડેથી છેલા મેળાનો, છે મોટો વીસ્તાર. જય૦ ૭
નવમીએ નવેદ્ય ધરાવે, સહુકો પુરે ખંડ;
માના દેવળની પછવાડે, ચોફેર છે વંડ. જય૦ ૮
સીંહ કેરી મા અસ્વારી છે, દામણી સોભે ભાળ;
ફલાં કાંબી ચાંલ્લો ચુડી, ટપકું કીધું ગાલ. જય. ૯
માજીનાં દરશન કરીને, આવ્યો ગામની બીચ;
ત્યાં મંડપ રચના સારી ભાળી, માણુસની છે કીચ. જય. ૧૦
મંડપ રચના નવરાત્રીએ, નાગર ચોરે થાય;
ખાંતીલા જંન ખંત કરીને, ગરબા રૂડા ગાય, જય૦ ૧૧
ભવાનીશંકર સેવક તારો, જોડે છે જીવરામ;
માતાના પુજારી રૂડા, હરગોવીંદ છે નામ. જય૦ ૧૨
એ જંન રૂડી ખંત કરીને, મંડપ રચના સાર;
નરનારીઓને જોવા માટે, સારી કરે છે બાર. જય૦ ૧૩
વીનંતી મારી ઉર ઉતારી, માજી કરજો મહેર;
મણીલાલ તો નમન કરે છે, કરજો લીલા લહેર. જય૦ ૧૪

ગરબી. ૧૪ ધન કાળકા માત, વસીયાં પાવાગઢ
માંહીરે જાયગા જોઇને—એ રાગ.

ધન સુલઇ મા વસીઆં વાલમમાંહીરે, જાયગા જોઇને.
મા ગુજરાતમાં છે તારો ધામ, પાટણુવાડામાં વાલમગામ;

અમે સુલેશ્વરી કરીયે પ્રણામ. ધન૦ ૧
માના મંડપની રચનાસારી, ઉત્તર દીશાએ છે બારી;
તેની જોડે કુઈ એક છે ખારી. ધન૦ ૨
મા સરવે ચોફેર ફરતા ફેરી, દક્ષિણે હનુમંતની દેરી;
જોડે વીધાત્રા જટાધારી. ધન૦ ૩
જોડે અંબે આરાસુરી, બહુચરે તો આશા પુરી;
ફેરી ફર્યા નથી રહી અધુરી. ધન૦ ૪
ફેરીફરી ચાચરમાં આવ્યા, સનમુખ આવીને શીશ નમાવ્યા;
ફુલ લઈને માને વધાવ્યા. ધન૦ ૫
મૈયા ત્રીસુલ તેં લીધુ હાથ, ગરબે રમતા સૌપર સાથ;
ભવપાર ઉતારો ભોળાનાથ. ધન૦ ૬
તારીં ચારે બાજુએછે વંડ, બજરંગે હાથ લીધો ડંડ;
તારો પરચો ચાલે નવે ખંડ. ધન૦ ૭
નવરાત્રીયે શોભા સારી, ગરબા ગાય ત્યાં નરનારી;
તેનાં દીલડાં થાય સુખકારી. ધન૦ ૮
માને ગળે ટુપીંઓ સોહીયે દામણી,માને અસ્વારીછેવાઘતણી;
ભવનાં પાપ કાપો ભવહરણીરે. ધન૦ ૯
પહેર્યો ગળે એકાવનહાર, જેના તેજનણો નહી કાંઇપાર;
ઓડી માએ ચુંદડીલાલ. ધન૦ ૧૦
આસોએ મેલો ભરાયે, અષ્ટમીએ તો હવન થાયે;
ત્યાંથી ચુંદડી તો હોમાયે. ધન૦ ૧૧
જોડનાર છે દાસ તારો, તેને તમે ભવપાર ઉતારો;
દૈત્યતણો સંહાર કરોરે ધન૦ ૧૨

ગરબી. ૧૫ રાગ સોલંકી.

શામે શંભુજીના સુતને આરાધું,
હું તો વર્ણવીને ગુણ માતાના ગાઉંરે.
મારી સુલેશ્વરી માત. ૧
દેશ ગુજરાતમાં તમારો ધાંમ,
પાટણવાડામાં વાલમ ગામરે. મારી૦ ૨
માને સીંહતણી છે અસ્વારી,
માના રૂપને જાઉં વારીવારીરે. મારી૦ ૩
કેડે દામણી ગળચુવો ફુલ,
દશ આંગળીયે માયે પહેર્યાં ફૂલરે. મારી૦ ૪
કાને કુંડળ મુગટ મણીથીરે જડીયા,
હીરામાણેક વચમાં મડીયારે. મારી૦ ૫
માના મંડપની રચના રૂડી,
કર મધે કનકની ચુડીરે. મારી૦ ૬
પાયે નેપુરના ઝણકાર,
ગળે નાંખ્યો એકાવળહારરે. મારી૦ ૭
માની અખંડ જ્યોત પ્રકાશ,
જાણે દેવલોકનો સ્વર્ગવાસરે. મારી૦ ૮
ઓઢી સુંદરને ચોળી પહેરી લાલ,
રૂડી ટીલડી કરી કપાલરે. મારી૦ ૯
જડી દંત ઉપર રેખનો પ્રકાશ,
તેજ થાય જાણે વીજળી આકાશરે. મારી૦ ૧૦
માની શોભા તે ઇંદ્રના જેવી,

આર જુગમાં સુલેશ્વરી દેવીરે. મારી૦ ૧૧
માને કંઠે તે પુષ્પના હાર,
હાથ ધર્યું ત્રીસૂલ ઢાલ તલવારરે. મારી૦ ૧૨
શીશ ઉપર ચોટલો કાળો,
કંઠે મુકતાફળની માળોરે. મારી૦ ૧૩
શણગાર ધરી બેઠા વીજ્યાપુર રાણી,
ત્રણ લોકમાં સુલેશ્વરી જાણીરે. મારી૦ ૧૪
નવે ખંડમાં સુલેશ્વરી ધન,
નપુંશકને આપ્યું પુરશાતનરે. મારી૦ ૧૫
સુલેશ્વરી બેઠાં સજીને શણગાર,
ત્યાં ચોર આવ્યા બેચારરે. મારી૦ ૧૬
ચોરતણું ત્યાં મન લોભાણું,
એવું સુલેશ્વરીએ જાણ્યુંરે. મારી૦ ૧૭
શણગાર લઈને તે નાઠા ચોર,
આંખે સુજે નહીં થયું અંધારૂ ઘોરરે. મારી૦ ૧૮
વાઘે ભરીતે મોટી એક ફાળ,
ચોરોતણો તો માએ આણ્યો કાળરે. મારી૦ ૧૯
એક ચોર માર્યો નથી રહી શુદ્ધ,
બીજા થયા ઘોડાને ઉંટરે. મારી૦ ૨૦
બે પથ્થર થઈ પડ્યા જ્યાંહી,
લોહીની નીશાની દરવાજા માંહીરે. મારી. ૨૧
એ નીશાની રહી જોવા જેવી,
કામ કર્યું એવું સુલેશ્વરી દેવીરે. મારી. ૨૨

સોની વડનગરાનું નામ મોતીરામ,
તેનાં ધાર્યાં કર્યાં તમોએ કામરે. મારી. ૨૩
તેને પડે નહીં સુખ ચેન,
તેનું કારણ કે પેટ નહીં સંતાનરે. મારી. ૨૪
માની સોની રાખી બેઠોછે ટેક,
તેને પુત્ર આપ્યો માજીએ એકરે. મારી. ૨૫
પ્રથમ વધામણાં માતામાં દીધાં,
ત્યારપછી ઘરમધ્યે કીધાંરે. મારી. ૨૬
એક આંધળો આવ્યા માને પાસે,
તેને લાંઘણ કરી છે બે ચારરે. મારી. ૨૭
તેને દેખતો કરીને મોકલ્યો ઘેર,
ત્યારપછી થઇ લીલાલહેરરે. મારી. ૨૮
એક અપંગને આપ્યા તેં પાય,
તે ગુણ તારા ગાતો ઘેર જાયરે. મારી. ૨૯
કઇક રોગીનાંતે મટાડયાં તેં દર્દ,
નવખંડમાં તે રાખ્યું બર્દરે. મારી. ૩૦
ગરબો ગાનાર છે દાસ તારો,
તેને ભવસાગરથી તારોરે. મારી. ૩૧
સંવત ૧૯૫૯ ની સાલે,
કારતક શુદ ૧૦ ને સોમવારે. મારી. ૩૨

ગરબો ૧૬. રાગ લાવણી.

મારી અરજ સુણો અંબે મા બહુચરવાળી,
સુલેશ્વરી મારી માત કરો રખવાળી;

માનું તજી આવ્યા ઈંદ્રનું ઈંદ્રાસન,
સેવા કરવા સારૂ સોંપ્યું તન મન ધન;
માને અંગે ઢુંપીયો સોહીયે અકોટી ફુલ,
કોટે નાંખ્યો એકાવળહાર આંગળીયે મુલ;
હાથે કડાં સાંકળાં સોહીયે નાકમાં વાળી,
તુમ સદા સલામત રહો વીખ્યાતપુરવાળી. ૧
માથે પહેર્યો મુગટ કાને કુંડળ સોહીયે,
બની શોભા અપરંપાર નીરખી મન મોહીયે;
દામણી કપાળે પહેરી અમર સાડી,
સેવકો આવેછે દરશને દહાડી દહાડી;
ચઢી વાઘ ઉપર બેઠી ખપરવાળી. તુમ. ૨
પાયે ઝાંઝરનો ઝમકાર શોભા છે રૂડી,
માથે ટીલડી દીધી કપાળ કનકની ચુડી;
માની અખંડજોત પ્રકાશ અંબીકા જેવી,
ચાર જુગમાં પ્રખ્યાત સુલેશ્વરી દેવી;
મારી આશ પુરો મંમાયા ખપરવાળી. તુમ. ૩
હાથ લીધા ઢાલ તરવાર હુંસતો સોહે,
બની શોભા અપરંપાર જોવા મન મોહે;
માનો ઠાઠ બનેછે નવરાત્રીમાં ભારી,
માના રૂપ ગુણને જાઉં વારંવારી;
તું જગની પ્રતીપાળ દીનદયાળી, તુમ. ૪
તું નીરધનીયાની આધાર, જરીબદ્રી બેલી,
ગરબે રમે બેન ચાર, અંબા અલબેલી.
દેવી દાનવોને મહા દુખ તેં દીધાં,

તેનાં છેદી મુસ્તક બહુ રૂધીરપાન પીધાં;
ગા રહેછે શંખલપુર બહુચર બીરદાળી. તુમ. ૫
સંવત ૧૯૫૯ મેં છંદ બનાયા,
માગશર શુદી એકમને દીને ગાયા;
કહે દાસ તારો મા પાર ઉતારો હાથઝાલી. તુમ. ૬

ગરબી ૧૭. રાગ લાવણી.

બડા લમ જાલમ હેપો. વાલમ. (૨)
તેરાં વસના હુય નાગર લલાવસાગર;
ત્યાં ત્રણુ પેળનું ગામ, જુઓ તે ગામ,
ત્યાં બાગ્યુ રૂડા છે ધામ કરૂ પરણામ;
ગામ વચ્ચે ધામ, રૂડું છે ધામ,
ત્યાં નાગર રેસે તમામ વસી કેરૂ નામ. ૧
ત્યાં બીરાજે છે હટકેશ્વર માહાદેવ,
ત્યાં વીદ્વાન બ્રાહ્મણ ભણે છે વેદ;
તેની શોભા કહી ન જાય, સૂએ વરણાય,
ત્યાં હોમ યજ્ઞ વેદધુની બહુ થાય. બડા૦ ૨
જુઓ દેશીઓની પોળ, જુઓને પોળ,
તેની શોભા વરણવી ન જાય, હવેલીની ઓળ;
જુઓ ઘોડાશેરી માંહે હતી ઘોડાળ,
એ નાગરવાસીનો બનેલો ખ્યાલ. બડા૦ ૩
ત્રીભુવનીસું તળાવ અગીયાર છે ખારા,
નીરંજન નાસરે બંધાવેલ સારા;
ચોમાસાના દીવસ આવે એવા,

જળની જુગતી થાય કહું શું તેવા. બડા૦ ૪
અંનાળાની જુગતી થાય તળાવ ભરાય,
ત્યાં બેઠા બેઠા હીંદુસ્તાની ગાય;
અંનાળાના આરે આવેછે બહુ વારી,
જઈ ખડે હનુમંત હાંકી,તે ફાટેફાટા ભારી.બડા૦ ૫
હું કહું છું વારંવાર, દેવના દેવ,
તલાવ વચે બીરાજે વાલકેશ્વર મહાદેવ;
આ વેદવાક્ય થાય, જુઓ હમેશ,
ત્યાં બ્રાહ્મણ ભણે વેદ કરેછે શેવ. બડા૦ ૬
ત્યાં જળની લેહેર બહુ થાય, કોયલડી બોલે,
તલાવની તેડ આંબાકેરી ઓળે;
ત્યાં સ્નાન કરતાં પાપ પુરવનાં જાય,
તેનો પ્રભાવ જોતાં પાપ નીવારણ થાય. બડા૦ ૭
તળાવ વચ્ચે બીરાજે દેવાધીદેવ પુરેછે આશ,
શોભા જોતાં જાણે બીજો કૈલાસ;
જેનો પરચો જુઓ આવેછે નવખંડ,
તેની ચોકી કરવા બીરાજ્યા હનુમંત. બડા૦ ૮
બાગ વચે મંદીર પડખે વાય,
તે મધે બીરાજે રણછોડરાય;
તેની પછવાડે છે બાગ જોડે હનુમંત,
ત્યાં પુરાંણી તો વાંચે મોટાજ ગ્રંથ. બડા૦ ૯
પ્રથમના જુના જુઓ બાલેશ્વર મહાદેવ,
એની વીસનગરા નાગર કરેછે સેવ,
જુઓ વીસનગરા નાગરની ચોપાટ ભારી,

ચોપાટીના કુવાનું નીરમળ વારી. બઞ૦ ૧૦
તે ચોપાટી ઓછવ થાય, હાથીઓ જોડાય,
છઠે શેર શેર થાય, ફુળ વેહેંચાય;
નીશાળીઓના હાથીઓ આઠમે થાય,
નોમ દશમે માતાનો જોડાય. બઠા૦ ૧૧
સાલોસાલ ઓછવ એવા થાય,
માસ ચૈત્ર તે કૃષ્નપક્ષ નીરખાય;
કે ચોપાડીયે જોડાય, કાળકાએ જાય,
ત્યાંથી રવાને થાયે, ચેપરે છોડાય. બઠા૦ ૧૨
ત્યાં બળદ બહલો થાય, વા દોડવા જાય,
હાથીઓ પછવાડે થડથી ઠાકું જાય;
ત્યાંથી ખારાની પોળે જાય, માણુસ ભરાય,
ત્યાં હારજીતની સરતો બહુ થાય. બઠા૦ ૧૩
ત્યાં નગારાં નીશાન ડંકા થાય ભારી,
ત્યાં દીવો કરી હાર બનેછે સારી;
ત્યાં ભેલી કરેછે નાચ, જુઓને ખેલ,
ત્યાં વાજીંત્ર વાગે ભુંગળને ભેર. બઠા. ૧૪
જયજય કરે ગામના લોક, હાથીઓ ઠાકું,
કેડે લાકડીઓ ઉપાડી માણુસ નાઠું;
સુલેશ્વરી માતાની બોલે જયજયકાર,
માતાના શીખર ઉપર દીવો મેલાય. બઠા. ૧૫
દીવાનાં દરશન કરી ત્યાંથી,
તે પુંઠે માણુસ જય જય કરતું જાય;
ગામગામના લોક આવેછે જોવા,

માતાની બોલો જય દુખો ખોવ:, ખડા. ૧૬
હારજીત લેવા મન માનેછે મારૂં,
હાથીઓ આવે બારવરસ થાય સારૂ;
જેશંકર દેવીશંકર જોડનાર નામ,
જોશીઓની પોળમાં છે મુકામ. ખડા. ૧૭

ગરબી ૧૮. કકાવાર લાવણી.

મારી અર્જ સુણો અંબે મા બહુચરબાળી—એ રાગ.

કકા કરૂણા કરો મંમાય સુલેશ્વરી દેવી,
ખખા ખરા દીલથી આરાધુ જગ દેવી;
ગગા ગુરૂ ગણપતી ચરણે શીશ નાચુ,
માની સેવા કરીને અષ્ટ સીધ હું પામું.
ઘઘા ઘંટતણા નાદ થાયછે ભારી,
માના રૂપ ગુણને જાઉ વારી વારી;
ચચા ચતુરભુજ મુરતી શોભેછે રૂડી,
માયે પહેરી કરમધે કનકની ચુડી.
છછા છનનન પાઉલમેં ઝાંઝર બાજે,
માના માથા ઉપર ફૂલકી મુગટ છાજે,
જય જય વરતાય જુઓ મંડપની માંહે,
માયે નાંખ્યો ગલે હાર બાજુબંધ બાંહે.
ઝઝા ઝાકઝમાળ માની જોત બીરાજે,
માની ખુબી જોવા જેવી અંબીકા આજે;
ટટા વાજીંત્રવાગે ભુંગળ ને ભેર,

નવરાત્રીએ થાયે લીલા ઘેરાઘેર.
ઠઠા ઠાઠથાય ગળે ફુલીયેસોહીયે,
માની શોભા થાય સારી નીરખી મનગોહે;
ડડા ડાહ્યાપણુમાં દરીયાવ સુલેશ્વરીમાત,
તારો પરચો નવેખંડ ચાલે સાક્ષાત.
ઢઢા ઢાલ તરવાર માથે લીધીછે હાથ,
મા ગરબોખેલે ચાચર સૈયરસાથ;
ણણા રણુવીષે જઈને અસુરસંહાર્યા,
મા દુષ્ટનો કરી સંહાર ભકતઉગાર્યા.
તતા તનમનધન કરૂ તમારી સેવ,
એવી અહોનીશ આપો ભકતને ટેવ;
થથા થૈથૈ થાય માના ચાચરમાંહે,
તારી શોભા થાય અદભુત દેવળનીમાંહે.
દદા દરીયામાં ડુંગેનાવ સમરે તારૂ નામ,
ધન્યધન્ય સુલેશ્વરીમાત વાલમ સુકામ;
ધધા ધરણીધર સંભાય આપણીરાજે,
માયે રાજ્યો અંગ શણગાર વાલરાગાછાજે.
નના નારાયણીરૂપ બેઠી સીંહાસન,
સેવા કરવાસારૂ સોંપ્યું તનમનધન.
પપા પરમેશ્વરીરૂપે લાગુ હું પાય,
નવરાત્રીયે નવડહાડા જુકિત થાય;
ફેફા ફેરીફરતાં આવી કરીયે નમસ્કાર,
દક્ષિણે બેઠા હનુમંત બળીયા નીરધાર.
બબા બહુચરમાત આરાધુ અંબાય,

ઉત્તર દિશાયે બીરાજે વીશાત્રાય;
બબા ભક્તિ આપો સેવકને શરણે રાખી,
સંભાયા કરજો મહેર શરણે રાખી.
મમા મહેર કરો મંમાય ભવ ઉતારો,
કરીએ સેવા તમારી પાર ઉતારો;
યયા યાચ્ક થઇને માગું તમારી પાસ,
કરવરી કહે કંગાળ તમારો દાસ.
રરા રૂપે રાક્ષસોને તે માર્યા,
કરી દુષ્ટોનો સંહાર ભક્તને તાર્યા;
લલા લક્ષ્મી આપો નીરધનીયાને નીરધાર,
તું વાંઝીયાને આપે પુત્ર બંધાવે પારણું.
વવા તારા વસ દેવતા સરવે થયા,
જેણે કર્યું તારૂં સ્મરણ ભવતરી ગયા;
શશા શક્તિ રૂપે હાથ લીધું ત્રીસુળ,
હાથે કડાં સાંકળાં માથે પહેર્યા અંગુળ.
ષષા ષડગુણ કરતાં તારા વીવેક,
તારા ગુણનો નહી પાર જીભે છે એક;
સસા સેવકને કરજો સહાય દીનદયાળી,
ગલે દુપીયો દામણી નાકે શોભે છે વાળી.
હહા હરનીશ સ્મરણ તારૂં કરતા,
સેવા કરી તમારી મગ્ન થઇને ફરતા.
ળળા હાલ થાય મશાલ દીવાની હાર;
ત્યાં થાય ધુપ કપુર અબીલ ગુલાલ,
ક્ષક્ષા ક્ષણ ભંગુર દેહ આ નકામું,
તારા દરશન કરતાં આશ સીષ હું માગું,

ગુણ જ્ઞાન આપો મંમાય થોડી છે મતિ,
હવેથી રાખું બંધ તારી બતી બતી,
સંવત ૧૯૫૮ સાલ છે સારી.
માના તેજ તણો નહીં પાર શોભા છે ભારી.

ગરબી ૧૯.

મારી અંબામાનો આધારજો, જોગમાયા ગરબે રમેજો—એરાગ.
મૈયા સુલેશ્વરીનું ધ્યાન ધરજો, ધ્યાનધરે તે દેવમુનીરાયજો;
નમો નાગરલોક સેવા કરજો, માજી પ્રસન્ન તમોને થાયજો. મૈયા. ૧
મૈયા દેશદેશમાં નામ થયુંજો, માંડવી નીસરે ગામોગામજો;
વાલમનું દૈવત ક્યાંગયુંજો, અશલ શેહેર વીખ્યાતપુર માંયજો. મૈયા. ૨
મૈયા વેર વાધ્યું છે નાત જાતમાંજો, તમો કરોસરવેને સહાયજો;
અરજીસુણી એક વાતમાંજો, રાખી ગામઉપર દયાયજો. મૈયા. ૩
મૈયા રામદેવજી પીરથયાજો, એતો ઘેલવાના ટેએ સારજો;
સાચ જોવાને સર્વે ગયાજો, તેનાં કામકર્યા નીરધારજો. મૈયા. ૪
મૈયા ગામનીવેળા હવે વાળીયેજો, સાસુજુવો માજી તતખેવજો;
બાગભણી અમો ચાલીયેજો, પોળ સામા ચકલીયા દેવજો. મૈયા. ૫
મૈયા ગામંના હાથીયાઆવતાજો, ચૈતરમાસમાં એકજવારજો;
ઠાકું ચંદાતો લાવતાજો, વહનો મહદ્યમનીરધારજો. મૈયા. ૬
મૈયા ચૌટું તે ચોકબજારછેજો, મધ્યવચે પાણીની વાયછેજો;
ઉપર કોટ સરકારી કહેવાયછેજો, ત્યાં ગણુજુણીયું તલાવજો. મૈયા. ૭
મૈયા હક્ષસંદીરછે ગામનુંજો, તેની સામે માલીડાનીહારજો;
રણછોડજીના નામનુંજો, વાવનું પાણીભરે પનીહારજો. મૈયા. ૮
મૈયા શીવબાનું દેવળ ઓપતુંજો, પછાડી શાટાબારી નીરધારજો;

હુટચાક પેપર ઝાડ શોભતું જો, નાનું એ ટુ ડુકાનોહારજો. મૈયા ૯
મૈયા આગળજતાં ખારાની પોળછેજો, ડાબાહાથે નાથજીનું મંદીરજો;
ટાવીયાઘોળીઆની ઓટછેજો, માઢી ઘેલાની વાડી સુંદીરજો. મૈયા૧૦
એવાં પથરનાં ઘડનાળાંછે સહીજો, પાસે ટકીઆનો ટેબો છે સારજો
રામજી મંદીરછે તહીંજો, વસે કાલીકાજી ત્યાંઠારજો. મૈયા.૧૧
મૈયા તલાવવચ્ચે એક કુંડછેજો, તેનાસામે વાલકેશ્વરમહાદેવજો;
હુરમાનના હાથમાં દંડછેજો, પાસે ધોજીકુવોલતણેવજો. મૈયા.૧૨
મૈયા મથઠકુઇમાં માલભર્યોજો, એતો કાંઠાનાગરનું કામજો;
કાળીયે જુલમ ઘણોકર્યોજો, તેનું હાલછે આઆમાં નામજો. મૈયા.૧૩
મૈયા કોઠાતેકુઇનું પાણી મીઠુંજો, ત્યાંતો બારીઆરો કેવાયજો;
અચરજ એક નવુંદીઠુંજો, ધર્મશાળામાં ભરવાસ થાયજો. મૈયા.૧૪
મૈયા પદ્દીમાતાની પુજામળીજો, તેનું દાપુ બાવીશઘર ખાયજો;
શેરથેરની ઉપડામણીજો, તેનાપેટે એક સાલ્લોઅપાયજો. મૈયા૧૫
મૈયા નાગરનીવસ્તી હુતીઘણીજો, એતો સાતસેને પાંચસોબારજો;
મહાલક્ષ્મી બેઠાં વળીજો, ત્યાંતો થયો અગીગરો સારજો. મૈયા.૧૬
મૈયા ઘોઘરવાણીયો ઘર્ઇગયોજો, તેને ઉઠાડયો મહાલક્ષ્મીસારજો;
જૈનધર્મીએતો ઘણોજો, ત્યારે નાગરનહોતા તે ઠારજો. મૈયા ૧૭
મૈયા નવું તીરથ એકજાગીયુંજો, ત્યાંતો ડાળીમહાદેવનું બાણુંજો;
ભગવાનનીડાળીઉતારીજો, મેતા નરસીએ કર્યુંનીરવાણુંજો. મૈયા૧૮
માતા કાળકાનીપોળે થઇનેજો, નાગરવાડામાં સીધું જવાયજો;
નાગરના ચોરે જઇનેજો, ગરબો શુભભરેલો ગવાયજો. મૈયા.૧૯
મૈયા તોડાતેપોળમાં ધામછેજો, મંદીર ઉત્તમણો દરબારજો;

સુરજણાઈનું નામછેજો, દાસનાં સંકટ કાપે નીરધારજો. મૈયા. ૨૦
મૈયાઓગણીસોતે ત્રીસસાલથીજો, માંડવી નીસરે હાડકેશ્વરની
પાસજો;
નાગરના છોકરે સહુ મળીજો, માતા ઉગમણીપોળતારોવાસજો.
મૈયા. ૨૧
મૈયાં ઓગણીસછત્રીશની પેરમાંજો, શુદ બીજને આસો માસજો;
ગરબો જોડયો મુંબઇ શહેરમાંજો, કહેછે જીવરામ તારો દાસજો.
મૈયા. ૨૨
મૈયા ઇચ્છાથઈ મનમાંહે એમજો, શહેર વીખ્યાતપુર મારૂગામજો;
મહેર થઇમાત તાહેરીજો, માજીઆપો અવીચળનામજો, મૈયા. ૨૩
માજીગાય શીખેને જેકોઇ સાંભળેજો, ગરબોચોવીસકડીનોસારજો.
આશા પુરી મારી કરોજો, માત સુલેશ્વરી નીરધારજો. મૈયા. ૨૪

ગરબો ૨૦ રાગ સોલંજી.

સમે શંભુજીનાસુતને આરાધું, ગવરીપુત્ર ગણેશ ગાવુંરે મારી
સુલેશ્વરી માત. ૧
માજી ઉગમણાગોખે બીરાજે, માની સનમુખ એકહરવાજોરે મા. ૨
મૈયા ચારજુગની તું દેવી, માની જુગતી જે જેવાજેવીરે મા. ૩
માજીવાલમમાં વાસતમારો, માતા શરણે રાખીને ભવતારોરે મા. ૪
માની માનતા ચાલે ગામેગામ, આવે હીંદુસ્તાન વડનગર ગામરે
મારી. ૫
માનું દેરૂં તે સુંદીર શોભેકાંય, પથ્થરકોરણીને ઘડીપવરાયરે મા. ૬
માની જુગતીથી જાઉબલીહારી, દુષ્ટો કેકનેતે નાંખ્યા મારીરે
મારી. ૭

એવા ચારણુજની તું દેવી, ચૈત્રમાસમાં જુગ્તી જોવાજેવીરે મા. ૮
વહનોમહશએ ઓછવ થાય, હાથીઓ ઠાઠું વાદોડવાને જાયરે. મા. ૯
કોની શોભાનો નહીં આવેપાર, બેગાડાં દોડે હારોહારરે મા. ૧૦
માણુસ ભેગાં થાયછે અપાર, તેમાં છૈયાંછોકરાં નરનારરે. મા. ૧૧
નીકળે મધરાતે હાથીઓ ઠાઠું, માણુસજાય લાકડીઓ લઈ નાઠું રે મારી. ૧૨
એવા ઓછવ થાય બેદીન, અપવાસ કરે માજીના સહુ જનરે મારી. ૧૩
માની જુગતીનો સારો બને તાલ, કૌતુક થયું પાંત્રીસાની સાલરે મારી, ૧૪
વાલસગામે આવ્યા મોટા ફોજદાર, હાથીઓ ઠાઠું બંધ કીધું નીરધારરે મારી, ૧૫
તેથી માએ કીધો ઘણો કોપ, માંદા થયાં સરવે ઘરનાં થોકરે મા. ૧૬
તેમાં મરણુ થયાં બેચાર, આવ્યા બીજા વરસ નીરધારરે મા. ૧૭
ઘરની ઘીની પુરાવી મશાલ, પાછો કરાવ્યો હતો તેવો તાલરે મા. ૧૮
તેથી કીરપા કરી માએ જયારે, માંદાં સાજાં બનાવ્યાં તારેરે મા. ૧૯
એ સાલે વીપતપાડી દુખ, જીવ ગયા તેના થયા ડુલરે મા. ૨૦
એવા અનેક પરચા માયે પુર્યા, જીસે એકછે બીજા રહ્યા અધુરારે મારી. ૨૧
બીજો ઓછવ નવરાત્રીમાં થાય, સાચીદેવી તું સુલેશ્વરીમાયરે મારી. ૨૨
માનો ચમતકાર જાણવા પામે તેવો, કરે પુજારી હરગોવીંદ જેવોરે મારી. ૨૩

તેનો વરણુનાં આવે નહી પાર, જીભે એકછે તેથી કરૂં વીસ્તારરે
મારી. ૨૪

માનાગઢવાગે મંડપમાંહી, હુબાબ માવીડા આવેછે ત્યાંહીરે.
મારી. ૨૫

આસો માસ નવરાત્રીમાં ગઢ વાગે, દાસ હીરાતે માને પાય લાગેરે મારી. ૨૬

બીજો દાસ તે વીઠલ તમારો, મને શરણે રાખીને ભવ તારોરે.
મારી. ૨૭

સંવત ઓગણીસ સતાવનસાલ, આસો સુદ સાતમને સનીવારરે
મારી. ૨૮

ગરબી ૧૧. આવો આવો શીવશંકર ભોળા— એ રાગ.

ચઇતરે ચીત ઘણું બાંધ્યું, નમી નમી સુલેશ્વરી આરાધ્યું;
મન મારૂં ગોખે જઇ લાગ્યું, સેવોને વીખ્યાતપુરવાળી. ૧

વઇશાગે મનનીરે વાત, સુલેશ્વરી સાંભળો સાક્ષાત;
વાલમમધે બીરાજો છો માત, સેવો૦ ૨

જેઠ તો જનમનાં કાપી દુખ, માતા તમે આપો મને સુખ;
ભવની તો મારી ભાગો ભુખ. સેવો૦ ૩

અશાડે આનંદમાં રહીયે, અરજી મારી સુલેશ્વરીને કહીયે;
તમારા છોરૂ માજી અમે છઇયે: સેવો૦ ૪

શ્રાવણ માસે મેળો તો ભરાયે, સોમવારે બહાર બહુ થાયે;
નરનારી આવી ગરબા ગાયે. સેવો૦ ૫

ભાદરવે ભકતોને ઓધારી, આના રૂપ ઉપર જઉ વારી;
પરચોરે તારો નવેખંડ ભારી. સેવો૦ ૬

આ:સોએ આનંદની હેલી, ગરબે રમે બહુચર અલબેલી;
જોડે અંબા મહાકાળી સાહેલી. સેવો૦ ૭
કારતકે કરૂણા કરજો, માજીનુ નામ હૃદીયામાં ધરજો;
તુળજાને આવી પાયેરે પડજો; સેવો૦ ૮
માગશરે મહેર કરો માડી, દરસને સેવક આવે દહાડી;
દક્ષિણ હનુમંતે ગદા ઉપાડી. સેવો૦ ૯
પોસે તો પરમેશ્વર લેખે, સુલેશ્વરીને જગત સહુ પેખે;
તારા દરશનથી આંધળા દેખે. સેવો૦ ૧૦
માઘે તો મહેર કરો માતા, ઉત્તરે બેઠાં વીધાત્રા;
સામારે બેઠા ભોળાજી માતા. સેવો૦ ૧૧
ફાગણે ફરફરતી હોળી, પહેરી માથે ચુંદડીને ચોળી;
પહેર્યો મુગટ માથે માજી ભોળી. સેવો૦ ૧૨
પુરણ થયા છે માસ બારે, ગાય શીખે સાંભળે નરનારે;
તેની પુરે આશા નીરધારે. સેવો૦ ૧૩

ગરબી ૨૨. ચાલો ચીત ચાચર હો જઇયે—એ રાગ.

ચાલો ભાઇઓ ચાચરરે હો જઇયે, આપણ સુલેશ્વરીમાં રહીયે.
માજીનાં દરશનરે હો કરશું, દુધપાક પુરીની થાળો ધરશું.
પછીથી આપણરે હો જમશું, ચાચરમાં રૂડે ગરબે રમશું.
મંડપ દીઠોરે હો સારો, ગોખ દીપો મેં રસીક રૂપાળો.
ગોખની રચનારે હો રૂડી, માજી પહેર કનકની ચુડી.
ચુંદડી દીઠીરે હો લીલી, માથે પહેરી છે ચોળી પીળી.
કોટમાં હેમનોરે હો હારો, માજીનો દીસે વાંકો અંબોડો;
ટીલડી ચોઢીરે હો શું શોભે, કોટમાં ઘરેણાં લુંબે ઝુંબે.
નાકે વેસરરે હો વાળી, આંખ આંજી છે માથે અણીયાળી;

દુરથી આવેરે હો આળી, માજીનાં મુખડાં જોઉં શું ન્યાળી.
હાથે ચુડલોરે હો ખળકે, માજીને નીરખું ઘડી પલકે;
કડલાં કાંબીરે હો પહેરી, મારા ઘેર આવો અંબા લેહેરી.
પાયે નેપુરરે હો ઠમકે, ઝાંઝર ઘુઘરા બહુ ઘમકે.
દાસ જીવાનેરે હો મળજો, મારાં દુઃખડાં દુર માજી કરજો;
મેં તો ગાયોરે હો છંદ, માજી તમો તોડો ભવની ફંદ.

ગરબી ૨૩

ક્યાં ગયોરે પેલો મોરલીવાલો હમારા ઘુંઘટ ખોલીરે—એ રાગ.

મગ્ન થયાં મનમાં અતી ભુલેશ્વરી, વાલમ ગામમાં આવીરે;
મેરૂસીખરપર વાસ તમારો, મારવા મહીશ મન લાવીરે.
આદ્ય અનાદ્ય શ્રી ભુલેશ્વરી દીસે, બીજ સરવે વાળીરે. મગ્ન. ૧
સકળ જુગ સંસારણ તરણ, પાપ સકળ પ્રજાળીરે;
દુઃખ નિવારણ ભવભય તારણ, દુષ્ટ નિકંદન કાળીરે. મગ્ન ૨
અંબા બહુચર કાળી કલ્યાણી, તુલજાને બોલાવિરે;
કામાક્ષી કામણ કરિને ચાલે, જ્વાળામુખીને જણાવીરે. મગ્ન. ૩
નવદુરગા નવ દહાડા રમવા, આવી મળીછે બેનોરે;
જોગણી ચોસઠ ગરબા ગાયે, ગરબો મંડપ એનોરે. મગ્ન. ૪
મહાબતવાળી કરે ખુશાલી, ત્રિપુરા મનમાં આણાવીરે;
ઈંદ્ર અમર વિરંચી હરહરી, વેદ સકલ ભણાવીરે. મગ્ન. ૫
થયાં મનમાં મગન અતી આજે, શણગાર અંગે સજાવીરે;
મોરમુગટમણી મોતીની માળા, અણુવટ વીછુવા ધરાવીરે. મગ્ન. ૬
કર કંકણ ચુડી કેડમાં કટાર, બાંહે બલેડા પેરાવીરે;
ઝાંઝરો ચળકે હીરા ઝળકે, કાજળ નેત્રમાં અંજાવીરે. મગ્ન. ૭

સીંઘાસનથી ઉઠી આવ્યાં, ચાચર રંગ મચાવીરે;
ગાવા ગરબા આવી દેવી, સુલેશ્વરી બોલાવીરે. મમ. ૮
ગરૂડ વાઘે ચઢી મન ફરતી, શુંભ નિસુંભ રખડાવી;
સીંહ ચઢી ત્રીસુલ કર લઇને; નાંખ્યા અસુર ઉડાવીરે. મમ. ૯
આવી સુરને અમર પાયું, બધી અમર કરી પૃથ્વીરે;
બાલો કાલો વહાલો થઇને, ગાયમાજી હસાવીરે. મમ. ૧૦
સંવત ઓગણી સાલ બેતાળી, શુકલ પક્ષ જેઠ માસરે;
ગરબો ગાય છે પુજારી તારા, નામ હરગોવીંદ દાસરે. મમ. ૧૧

ગરબી ૨૪. પુનમચાંદની ખીલી પુરી અહીંરે—એ રાગ.

આજે રસીક ગાઇને ખુશી થવુંરે, ગાઓ ગરબો માત સુલેશ્વરીનો આજ, સહુકો સેવો રૂડાં સુલેશ્વરી માતનેરે.૧

સાખી.

ચાર જુગની તુ માવડી, ચંડીમાં છે નામ;
સેવકોને સહાય કરી, કીધો વાલમમાં મુકામ.

વાલમ ગામ તો મૈયાનું દીસે સોહામણુંરે, માંહે વસે પુજારી હરગોવીંદ ભ્રાત. સૌકો.

સાખી.

મૈયાની શોભા શી કહું, હંસવાહની એ માત;
માતા ગોખ બીરાજતાં, ખપર લીધું હાથ.

માને લલાટે ટીલડી ઘણી આ શોભતીરે, માને કોટે નવરત્ન જડીતહાર. સૌકો. ૩

સાખી.

નવરાત્રીના દીનમાં, ત્યાં સંઘ ભલો ભરાય;
નરનારી નૌતમ વસે, ત્યાં જયજયકાર વરતાય.

જયજયકાર વરતાઇને ખુશી થવું રે, માની ડાબી બાજુ શ્રી
ભોળાજી તાત. સૌ૦કો. ૪

સાખી.

વિધાત્રી દેવી ત્યાં વસે, વસે ત્યાં બહુચર માત;
હનુમંત ડંડો કર ધરી, મંડપ બહુ વિખ્યાત.
માના મંડપની શોભા મુખે હું શું કહું રે, કહેતાં રસનાયે લાગે
ઘણો મને થાક. સૌ૦કો. ૫

સાખી.

દાસ તમારો વીઠલો, બીજો હીરો છે ખાસ;
અવીચળ ભક્તિ આપજો, મુને નહીં કરો નીરાશ.
માના ગુણ ગાઇ આજે તો ખુશી થઉં રે, ગુણ ગાઇને તો હું
લળીલળી લાગું પાય. સૌ૦કો. ૬

ગરબી ૨૫. શ્રી જગતપ પ્રભુ તી, આપ સન્મતી—એ રાગ.

શ્રી સુરેશ્વરી તું છે આધ ઇશ્વરી, નમન માજી નીત્ય કરૂં,
ધ્યાન લે ધરી. ટેક.

જગતજનેતા માત માહારી, આપતણો આધાર;
મંમાયા તું મહેર કરીને, અરજી આ અવધાર. શ્રી. ૧
ચંડમુંડને ચુરણ કીધાં, ટાળ્યું દેવનું દુઃખ;
સીંહ વાહની તું સુખદાઇ, આપે સહુને સુખ. શ્રી. ૨
ભક્તોની ભીડ ભાંગો માતું, સુરેશ્વરી શીરતાજ;
સુરઅસુરે શ્રેષ્ઠપણે તું, આ દુનીઆમાં આજ. શ્રી. ૩
સરવે લોક તારે શરણે આવે, તરવા આ સંસાર;
માતુ મારી વાલમવાલી, ભવજળ પાર ઉતાર. શ્રી. ૪

પ્રેમધરી તુંજ ધામે આવે, પાપી જે પાવન થાય;
આ લોક પરલોક વીશે મા તું, થાજે સહુને સહાય. શ્રી. ૫
સેવકજનને સહાય કરો મા, ઠરે ચીત્ત આ ઠામ;
સ.ચી સતબુદ્ધીથી મા તું, હૈયે રાખી હામ. શ્રી. ૬
ભાગ્યવંત ભોળી ભવાની, ઇચ્છું તુજ દેદાર;
હેતે દરશન કરીને પામું, મનમાં હર્ષ અપાર. શ્રી. ૭
સંવત ૧૯૬૨ની સાલે, ઉત્તમ શ્રાવણ માસ;
વદ તેરશને કૃષ્ણપક્ષ, શનીવાર છે ખાસ. શ્રી. ૮
જોડનાર મા દાસ તારો છે, પ્રલ્હાદ નામે નામ;
દયારામનો પુત્ર તે છે, રહેછે વાલમગામ. શ્રી. ૯

ગરબી ૨૬. વીરા વેસ્યાના યારી, ઉભા અટારી,
ભાભી અમારી, પેલા તમારા પ્રાણ—એ રાગ.

માજી અરજ હમારી, ઉરમાં ધારી, સેવકને સંભાળ;
અમો આવ્યા આવારી, શરણે તમારી, કષ્ટ નીવારી. સેવક. ૧
શાર્દુલવાહની સંકટ સહુના, દયા થકી થાય દુર;
સુલેશ્વરી માત મારી, અરજી સ્વીકારો ઉર.
થાઓ વારે હમારી, બાળ વીચારી, કષ્ટ નીવારી. સેવક. ૨
આ દુનીઆમાં આશરો તારો, મહેર કરો મંમાય;
પરમકૃપાળુ પ્રેમ ધરીને, સેવકને થાજો સહાય.
શોભે મુરતી સારી, મોહનગારી, કષ્ટ નીવારી. સેવક. ૩
આસો માસે ગામ મળીયા ગુણ તમારા ગાય;
માજી તારા શેવક આજે, હેતે નમે છે પાય.
જાઉં તુજપર વારી—લાજ વધારો—કષ્ટ નિવારી. શેવક. ૪
સંવત ૧૯૬૨ સાલે, અનેજ શ્રાવણ માસ;
વદ ચઉદસને રવીવારે, ગરબી જોડી ખાસ.

લેજો અરજી સ્વીકારી, ઉરમાં ધારી, કષ્ટ નીવારી. સેવક. ૫
દાસ પ્રેહ્લાદ તારો છે મા, રહેછે વાલમગામ;
વીસનગરના તાબાનું તેછે, મહીવાડામાં ઠામ.
નાગરનાત છે મારી, માતું દયાળી, કષ્ટ નીવારી. સેવક. ૬

ગરબી ૨૭. સહુને હમારા રામરામ, સભારેજનો સહુને હમારા રામરામ—એ રાગ.

મહેર કરો મંમાય, માજી મારી મહેર કરો મંમાય;
આપના પારે આવવા ધારે, જન તે સુખીયા થાય. માજી. ૧
આ કળજુગમાં આશરો તારો, સુલેસ્વરી મોરી માય. માજી. ૨
જળથળને વળી વાલમમાં વ્યાપી, કીધી સહુને સહાય. માજી. ૩
ભકતોને વાહી ભોળી સુલેસ્વરી, દરશન આપવું ચહાય. માજી. ૪
દીનદીન દરસણુ દેજો દયાળી, નીરમળ કરજો કાય. માજી. ૫
હોશરહીત મા બાળ તમારાં, માજી કરોને કૃપાય. માજી. ૬
વસુધાપર અમૃત વરસાવો, વળી શીતળ વા વાય. માજી. ૭
નવરાત્રીના દીનમાં માજી, ગરબા રૂડા ગાય. માજી. ૮
દુખીયું જન દેખાય નહીંકો, આદરો એજ ઉપાય. માજી. ૯
અમો આવ્યા મા તુજ દરબારે, આનંદ અંગ ન માય. માજી. ૧૦
રજા દીઓ માજી અમને ઘેર જાવા, મન અતી હરખાય. માજી. ૧૧
સેવક પ્રેહ્લાદ આજે મળી મા, ગુણુ તમારા ગાય. માજી. ૧૨
સંવત ૧૯૬૨ની સાલે, ઉત્તમ શ્રાવણુ માસ. માજી. ૧૩
વદ ચઉદશને આદીતવારે, ગરબી જોડી છે ખાસ. માજી. ૧૪

ગરબી ૨૮. પુનમચાંદની ખીલી પુરી અહીંરે—એ રાગ.

કંચન રૂપેરીકળશો કરેગ્રહીરે, સાહી શ્રીફળ પરીમળ પાન;
રાખી મન મોટી મરજાદ અંગ સમારતીરે.

ચાલે ગદગદ ગજની ચતુરા ચાલ, એવી અદ્ભુત શોભા
સુલેશ્વરી આપતીરે. ટેક.

સાખી. અંગ પ્રમાણે અંગીયાં, સજ્યા શોળ શણુગાર;
પહેરી સાડી પાતળી, સુંદીર બુટાદાર.
ઢાલ. કસબી કીનારીને પાલવે ઝળકી રહ્યારે;
શોભે વિધુતસમ તેજ અપાર. એવી. ૧

સાખી. ગળે ગળુબંધ શોભતાં, મનોહર મુકતાહાર;
જવમાળા તે જાંબુવા, તુસી પહેરી તેજદાર.
ઢાલ. હીરા જવેર જડેલી ચોકી ચમકતીરે, બાજુબંધ પોંચી
ઝુમખાદાર. એવી. ૨

સાખી. કાને લટકતાં લોળીયાં, મનોહર મીનાકાર,
શીર સોહાવી દામણી, ભાલે ટીલડો સાર.
ઢાલ. નાકે નકવેસર ને કાંટો છે કોડામણોરે, ભારે ચુનીઓ
ચળકે ભભકાદાર. એવી. ૩

સાખી. નકસી કહ્યાં સાંકળાં, ઝાંઝરનો ઝમકાર;
ફૂલો સુ ફેલી રહ્યાં, વાગે વીંછુવાનો લલકાર.
ઢાલ. કટી સમાને કંદોરો અંગે ઓપતોરે, કરે કંકણ ચુડી
ચલકે ગોળાકાર. એવી. ૪

સાખી. મા તું રૂપવંતી ઘણી, અનંગ તરંગ ભરેલ.
વીચરતી તે વાટમાં, જાણે રૂપારેલ.
ઢાલ. વડો વીસ્તાર જોઇને જન વીસ્મય થયારે, બાંકી બાંકી
માતુ રૂપે બહુ બનેલ. એવી. ૫

સાખી. ઉભરાય છે ઉરથી, હર્ષજ હૈયા બહાર;
વિદ્યુતસમ વીકસી રહી, લલનાઓની લહાર.

ઢાલ. મેવા મીઠાઈના થાળો ભરી મા ઠમકતીરે, ઠસાદાર
નવોઢા નાર બની ગુલજાર. એવી. ૬

સાખી. તેજોમય તરૂણીતણો, મા તારો દેખાવ;
અદભુત આપે આ ઘડી, બન્યો એવો બનાવ.

ઢાલ. એવો મહીમા માતાનો મોટો ઘણોરે, જેથી જામ્યો
જુવતીનો અજમાવ. એવી. ૭

સાખી. પીતાદઆરામનો, જોડીને જુગ હાથ,
વંદુ સુલેસ્વરી તને, શક્તિ કરજ્યો સનાથ;

ઢાળ. મહેર કરી સુલેસ્વરી હાથ રાખજોરે, સરવે નાગરોનો
સહુ સાથ. એવી. ૮

સાખી. નામ પ્રેલ્હાદ અને, રહે છે વાલમ ગામ;
જીલે અમદાવાદ છે, મહીવાડામાં ઠામ.

ઢાળ. તાબે વીસનગરને નાગરની નાત છેરે, મારી પુરોને
સકળ શહુ આશ. એવી. ૯

સાખી. સંવત ૧૯૬૨ અને, ચાલે શ્રાવણ માસ;
વદ ૧૪ રવીવાર છે, ગરબી જોડી ખાસ.

ઢાળ. માતા મહેર કરીને આશા મારી પુરજોરે, હુંતો નમી તુંને
કરૂં પ્રણામ. એવી. ૧૦

ગરબો ૨૯. ઓધવ જી સંદેસો કહેજો સામને—એ રાગ.

કરમતણીરે કથનીમા [illegible], તુજ વીણુ મને કોઈનો નહીં
આધારજો; સેવક થઈને [illegible] ી સુલેસ્વરી. ટેક.

કરમ કઠણુને કાયા મા [illegible] હવે મા કયાં સુધી કરનારજો;
હું છું અભાગીઆ દુ [illegible] ગે, જાણી નહીં ભક્તિ તારી

મેં લગારજો. સેવક. ૧

ભુલથકી ભમીયો આ ભવકુપમાં પડી, અથડાઈને હું આવ્યો
તુંજ દ્વારજો;
તુંજ ચાચરમાં ચોટે જેનું ચીતડું, વળી આવે જે પ્રેમધરી ની-
રધારજો. સેવક. ૨
હાથ પકડે તેનું ઉધારણ તું કરે, પ્રેમથકી તું પુરે મનની આશજો;
તે જાણી હું આવ્યો તુંજ દ્વારમાં, સેવકને સંભાળી રાખો સા-
થજો. સેવક. ૩
હમેશ તારી સેવામા ચુકું નહીં, રાખો આપ ચરણકમળની પાસજો;
બાલો કાલો આછે સેવક તાહરો, જરૂર હવે મા ઝાલો જમણો
હાથજો. સેવક. ૪
માજી તારા પરચા તો દીસે ઘણા, આ દુનીયામાં બહુ મુખે સં-
ભળાયજો
તેમાંથી વીસ્તારી થોડા હું કહું, બનેલો છે પુરવનો મહીમાયજો.
સેવક. ૫
ચોર લોકો વીચાર કરીને આવીયા, માજી તારા ઉતારવા અલં-
કારજો;
હીમત કરી તુંજ દ્વારમાં પેસીયા, કેટલા હતા તેનો નથી વી-
સ્તારજો. સેવક. ૬
અંગથી દાગીના ઉતારી ચાલીયા, માજીએ મનમાં કીધો છે વી-
ચારજો;
ખપર લઈને તેની વાંસે દોડીયાં, દરવાજામાં તેમને કીધા ઠારજો.
સેવક. ૭
નિશાની લોહીની દરવાજામાંહીછે, લોકોના મુખે સાંભળીયે સારજો;

કાંનેવાળીયા હતા તે ત્યાંથી નાસીયા, તેમને કીધા આંખોએ
અંધકારજો. સેવક. ૮

આંધળા થયા તેથી તે ચાલી નહીં શકયા, દેખાયો નહીં કંપાંન
કેરાં ખુંટજો;

નીશાની પડી છે બહાર પથ્થરતણી, લોકો કહેછે માયે બના-
વ્યા ઉંટજો. સેવક. ૯

માનો ડંકો વાગે ચારે દેશમાં, મુખે તેનો શો કહુ વીસ્તારજો;
કઈ સાલમાં આ પરચો દેખાડીયો, યાદ નથી તીથીને દહાડો વા-
રજો, સેવક. ૧૦

એવા પરચા દુનીયામાં દીસે ઘણા, માજી મારી શૌની પુરો આશજો.
જે સેવક હમેશ તારૂં રટણકરે, તેને તમે નહીં રાખો નીરાશસે. ૧૧
ભકતોને તારીને ભીડભાગી ઘણી, દુષ્ટ લોકોનો માયે આણ્યો કાળજો.
સેવકની સંભાળ રાખો માવડી, વર્ણવીને હું કહુ છું તારો બાળ
જો. સેવક. ૧૨

હેત તજીને મને ન કરશો વેગળો, તારા સેવકની લેજો નીત્ય
સંભાળજો;

અમૃતદ્રષ્ટીથી મા સુખવરસાવજો, હાંકી કાઢો માથે આવેલો
કાળજો. સેવક. ૧૩

એક ચીત્તે તુજને જે આરાધશે, કષ્ટ જઇને થાશે નીરમળકાયજો;
હેત લાવીને પ્રેલ્હાદ તુજને વીનવે, માજી મને હમેશ થાજો
સહાયજો. સેવક. ૧૪

સંવત ૧૯૧૨ કેરી સાલછે, માથે ગાજે ઉત્તમ શ્રાવણ માસજો;
વદ ચઉદશને રવીવારનો દીન છે, ગરબી જોડી તે દહાડેછે
ખાસજો. સેવક. ૧૫

આ ગરબી જોડી છે મુંબઇ શહેરમાં, માતુ મારી કરજે મુને
ન્યાલજો.
પાસે મંમાદેવી મા બીરાજતાં, ઠેકાણું છે મોતીશાહની ચાલજો.
સેવક. ૧૬
જોડનાર મા વાલમનોતે રહીશછે, વીશનગરતાબાનું એછે ગામજો;
પોતે ઉચ્ચા કુળનો નાગર નાત છે, મહીવાડામાં રહેવાનો છે
ઠામજો. સેવક. ૧૭

મહાદેવજીની ગરબીયો.

ગરબી ૧.

કરો ક્ષમા, કરો ક્ષમા, અપરાધ હમારો, છું સેવક દાસ તમારો;
આ ભવ હાટકેશ્વર તારો. છું સેવક. ૧
છું સેવક શરણે તારે, તું મારે કે ઉગારે;
નમું છું નાથ, જોડી બે હાથ, પડીને પાય, દુઃખ નીવારો. છું. ૨
પળપળ અપરાધી તારો, ક્ષણે ક્ષણે ચુક કરનારો;
એવીછે બુદ્ધ, નથી કાંઇ શુદ્ધ, કરૂં શું બુદ્ધ, આશરો તારો. છું. ૩
જોઉં ગુણ તારા સામું, તે તારો અંત નહી પામું;
કરૂં નહીં યાદ, એક પલવાર, ગુરણ સરદાર, ક્ષમા ચાહનારો. છું. ૪
જય જય હાડકેશ્વર બાપા. રાખો અમને સુખશાતા;
હમારી ચુક, વીસારે મુક, ભાગીને ભુખ, સુખ કરનારો. છું. ૫
થઇ પુરી અરજ આ મારી, લે પ્રીતે ઉરમાં ધારી;
માગું છું માફ, રાખીદીલસાફ, જોડીએહાથ, બાથમાં મારો. છું. ૬
સંવત ૧૯૬૨ ની સાલે, માસ ઉત્તમ શ્રાવણ ચાલે;

કહે પ્રેહ્લાદ, સાંભળી દાદ, રાખો લાજ, અરજી સ્વીકારો. છું.૭
વદ અમાવાસીયા સોમવારે, ગરબી જોડી તે દહાડે;
વહેછે દાસ, રાખો પાસ, પુરો આશ, દુઃખ નીવારો. છું. ૮

ગરબી ૨.

ધન કાલકામાત વસીયાં પાવામાંહીરે જાયગા જોઇને–એરાગ
ધન શંભુજી વસીયા વસીદેરામાંહીરે, જાયગા જોઇને. ટેક.
તારૂ શીખરબંધ દેવલ દહેરૂ, સેવા કરવા થાયછે મનમેરૂ;
તેં નાગર નાતને કરી ખેરૂ; ધન. ૧
તારી સેવા કરવા સૌ આવે, પંચાતની વાતો ત્યાં લાવે;
એ ચોરો નાગરનો કહાવે, ધન. ૨
તમે દેવલમધે બીરાજોછો, સહુ બ્રાહ્મણને શીર ગાજોછો;
તમે સેવકોનાં દુઃખ ભાગોછો. ધન. ૩
તારા દેવલની રચના રૂડી, તેમાં જળાધારી છે ગજ ઉંડી;
બહાર પાણી જવાની છે કુંડી. ધન. ૪
તારા ઘંટતણા ઘણકાર હુવા, જખરેશ્વર બેઠા છે જુવા;
એ પીંપળા ઉપર બોલે ધુવા. ધન. ૫
તમને સેવેછે બ્રાહ્મણ ઘણું, હું તો કલ્યાણીનો પાઠ ભણું;
તારી પાછળ દેવળ જૈન તે તણું. ધન. ૬
મા કલ્યાણી લોઢમાં વાશ કરે, તે દેખી શ્રાવકનું મન બળે;
બેઠા જખરેશ્વર બહુ બળવડેરે. ધન. ૭
તમે ભાંગતણા બહુ રસીયાછો,આવી વાશમગામમાં વસીયાછો;
જૈન દુષ્ટ જાણી દુર ખસીયાછો. ધન. ૮
આ જોગેશ્વરના ઝંડા છે, તારા હનમાન હાથમાં ડંડા છે;

તારી બે બાજુએ વંઠા છે. ધન. ૯
તારો નંદી ગણેશની જોડછે, દેરા સામી ઘરોની ઓળછે;
એ તો દેવજીમહેતાની પોળ છે. ધન. ૧૦
આ અકલીત તમારી માયા છે, એવા ગુણુ સેવકે ગાયાછે;
દાસ જીવરામ શરણુ ધાયા છે. ધન. ૧૧

ગરબી ૩ હરીગીત છંદ.

હે વીશ્વવાસી, જગનીવાસી, સ્થળપ્રકાસી ઇષ્ટ છે;
જળ કમલ અને આ ભુતલે, તારા વીના સઉ શુષ્ક છે.
સહુ કષ્ટને દુભાવીને સેવકતણો તું સાર છે, એવા હટકેશ્વર
મહાદેવને નમન વારંવાર છે.
છે સત્યસેવન સુખદાઇ વચન આવાં વૃંદમાં,
એ વાસતારો સર્વદા, ફુલ પુલ અને વળી કંદમાં;
આ વૃક્ષ વાનર જળ તરૂ, ડુંગરતણો આધારછે. એવા. ૧
આ ભક્તિ તારી સુખકારી, ભય વિદારી છે તરી,
શુભ શરણુ તારે આવવા, નિષ્કામથી મેં આદરી;
હસ્તે કમંડળ ગંગધારી શંગ તારી, પારવતીજી સાથછે.એવા.૨
સંવત ૧૯૬૨ અને ઉત્તમ શ્રાવણુ માસ છે, આ ગરબી જોડના-
ર પ્રેલાદ તારો દાસ છે;
કૃશ્ન પક્ષ અમાવાસીયાને જોડે સોમવારછે. એવા હાડકેશ્વર. ૪

ગરબી ૪ શ્રી સુલેશ્વરી તું જગત ઇશ્વરી—એ રાગ.

સીવ દયા કરો દુઃખ ભક્તનાં હરો, દાસની વીનતી પ્રભુ
ધ્યાનમાં ધરો.

શ્રી વીશ્વેસ્વર અંતરજામી, કઈલાસે છે વાસ;
નંદીસ્વારી શોભે સારી, પાર્વતી છે પાસ. શીવ. ૧
ભસ્મ અંગને શીર ગંગ છે, સરવે અંગ ભુજંગ;
ડાકડમરૂને પીનાક હાથ છે, તેથી મનરંજન. શીવ. ૨
ભવ દુઃખ ભંજન જંન મનરંજન, નંદેશ્વર છે નામ;
છત્ર ધરાવું ચમર ઉડાવું, વ્યાપક આઠે જામ. શીવ. ૩
વીશ્વપાળને આપ પ્યાળા, દીનતાનું દુઃખ ટાળ;
સરવે મળીને સાથ વીનવીયે, અમે તમારાં બાળ. શીવ. ૪
શ્રાવણુ માસ અને કૃશ્નપક્ષ, ઓગણી બાસઠની સાલ;
ગરબી જોડી મુંબાઇ શહેરમાં, મોતીશાહની ચાલ. શીવ. ૫
અમાવાસીયાને સોમવારે, ગરબી જોડી તે ઠામ;
જોડનાર દાસ પ્રેલ્હાદ તારો, રહેછે વાલમગામ. શીવ. ૬

ગરબી ૫. સીવની સ્તુતી.

વીશ્વ કરોડના દેવ છેરે, ચઉદ લોકના છે નાથરે;
પંચવદન ઝળકી રહ્યું, ઝળકયું ચંદ્રમાનું તેજરે,
શંકર વસે કૈલાશમાં. ૧

અર્ધાંગે ઉમીઆ વસેરે, જટામાં જાનવી બીરાજેરે;
નામ લેતાં મહાદેવનું, ભોળોનાથ દુઃખ ભાગે.
ભોળો ભીક્ષાનો ભોગી, કાવે નીરંજન જોગીરે. શંકર. ૨
રૂદ્રમાળા કોટે ધરીરે, અંગે ભસ્મ લગાવરે;
વચન આપ્યાં છે શીવે દૈત્યને, કરી દેવ સાથે રાડરે. શંકર. ૩
વાઘંમ્બર છે ઓાઢવારે, પહેર્યા પીતાંમ્બર સાલરે;
માથે મુગટ શીવે ધર્યો, કોટે મણીધર નાગરે. શંકર. ૪

શીવજી કહે પારવતીનેરે, ઉમીયા સુણો મોરી વાતરે;
તપ કરવાને ઇચ્છા થઈ, જવું ગંગાની તીરરે. શંકર. ૫
પારવતી કહે છે પીયુ રાયનેરે, વનમાં કામની કોઈ આવે રે,
કેમ કરી જોગ આરાધશો, કે મન રાખવું સ્થીરરે. શંકર. ૬
ત્યાંથી મહાદેવજી ચાલીયારે, ગયા ગંગાને તીરરે;
ધ્યાન ધર્યુંછે પરીબ્રહ્મનું, મન રાખ્યું છે સ્થીરરે. શંકર. ૭
શોના સરીખું સુપડુંરે, રૂપા ગાગરડી હાથરે;
શીમા રહીને શીવ ઉપડયા, શીવ રાસે ભક્ષયરે. શંકર. ૮
આસન થકી શીવ ઉઠીયારે, ગયા ભીલા રાણી પાસરે;
કયાંથી આવ્યા મૃઘાલોચની, કયાં છે તમારો વાસરે;
કયાંથી આવ્યા અને કયાં જશો, રહો શંભુજીની પાસરે. શંકર. ૯
શીવજી કહે પારવતીનેરે, ઉમીયા નેત્ર ભરી નારરે;
લાજ મહારાજ આરોગીયાં, આડાં જડીયાં નક્ષત્રરે. શંકર. ૧૦
હમારાં ઘરબાર પ્રભુ વેગળાંરે, અમને ભીલની છે બીકરે;
મુનીજન જાણી અમે આવીયાં, કૃપા કરો મહા ધીરરે. શંકર. ૧૧
પીયુજી ગયા તપ કારણેરે, ગયે થયા માસ આઠરે;
જુઓને જોગ જોગેશ્વરી, કયારે આવશે ઘરવાસરે. શંકર. ૧૨
જેના પીયુ ગયા તપ કારણેરે, તેને આવ્યાની શી આશરે;
કૃપા કરોને મૃઘાલોચની, રહો શંભુજીની પાસરે. શંકર. ૧૩
તમારે છે ગંગા પારવતીરે, તેની કોણ હાથ વાસરે:
અમારે ભીલોને અમે એકલાં, ભોળા નવાં કરે લાડરે.
પારવતીને પીયર વળાવી દઉં, ગંગા થાય તારી દાસરે;
તુજને કરૂ પટરાણીયાં, ત્યાંતો મહેલ બનાવું સારરે. શંકર. ૧૪
પગે બાંધ્યા છે શીવે ઘુઘરારે, લમણું મુકયો છે હાથરે;

થૈ થૈ શીવ ત્યાં નાચીયા, ભોળો ભીક્ષાનો ભોગી,
ફાવે નીરંજન જોગીરે. શંકર. ૧૫
સરવે દેવ જોવાને ત્યાં આવીયારે, આવ્યા મુનીજન રાયરે;
નામ જોઈ મહાદેવનું, ભીલાની પુરી છે આશારે. શંકર. ૧૬
પારવતીયે રૂપે પ્રકાશીયુંરે, લજ્યા પામ્યા ભોળોનાથરે;
નીચું ઘાલીને શીવ નાસીયા, શીવજી ગયા કૈલાસરે. શંકર. ૧૭

ડંડીસ્વામી કેશવાનંદ વીષે.

સ્વામી પ્રકરીયા કૃપા કરી ભણાવોરે, વીનંતી કરૂં આપને મને
જણાવોરે;
આપ ચર્ણ દાસ જાણી મહેરતો કરો, જ્ઞાનરૂપી નીર નહેર ખો-
તરો સ્વામી. ૧
સુબોધી નહેરનું જળ પીવા મહેનત કરૂ, જળ વીના મીન તમ
ઝુરી ઝુરી મરૂં; સ્વામી. ૨
આપતો તરીને વંશ સર્વ તારીયો, આ દેહને તો જન્મમણરણથી
ઉગારીયો. સ્વામી. ૩
હવે તો આપ પરોપકારી, થઇને દ્યોને જ્ઞાન, જેથી મુંજ સવ ટળી
જાય અભીમાન. ૪
ગુરૂ દર્શનથી તો અતી ખુશી થઉ, એ ઓછવ બીજાને આગે સુ
વીસ્તારી ગાઉ. સ્વામી. ૫
વાલમમાં બ્રહ્મમંડળ તો દીપાવ્યું હાલ, કહે પુરસોતમ બ્રહ્મ તો
બતાવો ખ્યાલ. સ્વામી. ૬
નાગર વીસનગરા જ્ઞાતી પોતાની એહ, મહીવાડામાં આપનો
દાસ જોસી રહું છું તેહ સ્વામી. ૭
આપેને અતીઘણી, વીનંતી ઓચરૂં, સાષ્ટાંગ દંડવત ગુરૂ પુનઃ
પુનઃ કરૂ. સ્વા. ૮

રાગ—અટકાવો.

કૃપા કરી, કૃપા કરી, કૃપા કરી પધારો મહારાજ; ભીક્ષા કરવાને કાજ. ટેક.

આપ પધારી પાવન કરશો, સેવા માટે છું બહુ તરસ્યો.
દરશન છે અમુલ્ય, એ વાત અતુલ્ય, એમાં નહીં ભુલ;
સહુ વીચારો મન આજ, કૃપા કરી પધારો મહારાજ. ૧
બહુ દીનથી વાલમમાં આવ્યા, પણ મુજ ઘેર એકે દીન ના આવ્યા;
થયો છું ઉદાસ, પુરી કરો આશ, આપનો દાસ;
આપ સરવે તણા શીરતાજ. કૃપા. ૨
મુખીયાજીને થાકયો કહીને; વદીયાજી કહો તમે જઇને,
વિનતી કરૂ, માનો નોતરૂ, કહુંછું ખરૂં;
મારી અર્જ સુણી સ્વામીરાજ. કૃપા. ૩
પધારો મને દીલધારી, હું થઇશ આપ આભારી,
ત્રિવીધી તાપ, મુજ સંતાપ, ટળી જાય પાપ;
જાણી સેવક દીલભરી દાજ. કૃપા. ૪
સ્વામી કેશવાનંદ સરસ્વતી નામ, પુર્વાસમ પાટણ મુકામ;
કહે પુરસોતમ ચુક હોય મમ, માફી માગુ પાસે તમ.
મહેર કરો ભક્તાપર આજ. કૃપા. ૫

પુનમચાંદની ખીલી પુરી અહીંરે—એ રાગ.

સ્વામી પ્રભુ જાણી, સહુજન પુજો પ્રેમથીરે. ટેક.
મન વીચારી ભાવભકિતથી, જે પુજે નરનાર;
વેદશાસ્ત્ર તો ખચીત વદેછે, તે ઉતરે ભવપાર. સ્વામી. ૧
સાક્ષાતકાર રૂપ પુજેથી, પ્રાશ્ચિત મુળથી જાય;
તેમાં કાંઇ સંદેહ નવધારો, દુખ મટી સુખથાય. સ્વામી. ૨

શુદ્ધ સ્વરૂપી મુક્તિ કેરૂં, થાય અમુલ્ય દરશન;
જેથી ગદગદ કંઠે થાયે, હરી નમન પરસન. સ્વામી. ૩
ગુણવંત ગંભીર મનથી, સૌની પુરો આશ;
દીર્ઘવાંછના રાખો પ્રભુજી, નહીં રાખો નીરાશ.સ્વામી. ૪
કૃપા કરી મુંજ તીમીર ટાળો, થાય સુર્યપ્રકાશ:
સ્વામી કેશવાનંદજી પ્રતાપે,કહે પુરશોતમદાસ.સ્વામી. ૫
સંવત ઓગણીસાલ ચોપનો, અધીક આશ્વિનમાસ;
શુકલપક્ષની સપ્તમી જાણો, ગુરૂવારછે ખાસ. સ્વામી. ૬

થયાછોરે પતી તેજ પ્યારી તનના ઉરવસી આજે—એ રાગ.

અતી ભ્રષ્ટ નાગરબાંધુઓ, સહુ ચહો સ્વધર્મની વાત. ટેક.
વડનગરાને દક્ષણી કેરી, ઠેવી ન ખીલી જ્ઞાત,
સુણો આજે, દીલ દાઝે, મન ભાજે, ક્યારે તાજે;
એમની પેઠે ધર્મવીરૂધ વાતના, મુળનો કરો સહુ ઘાત. અતી.૧
પ્રેમ આણીને સ્વજ્ઞાતીનો, ઇચ્છો રૂડો અર્થ;
પુન્ય થાશે, પાપ જાશે, દુઃખ નાશે, સુખ થાશે,
માટે મન વીચારી દયા સુનીતી રાખો તમે સહુ ભ્રાત. અતી.૨
બ્રાહ્મણ કેરો મુખ્ય ધર્મ તો, સંધ્યાવંદન જેહ;
તજી રૂડું, અતી ભુડું, ધીક મુડું, કામ કુડું,
કરવાને ચાહે શેને હરીજન, યમદુતની ખાશે લાત. અતી. ૩
ઇષ્ટદેવનું સ્મરણ મુકો, વૃથા કરે નીચ સેવ;
જશે નરકે, દુઃખે થરકે, આસુભરકે, બહુ ડરકે.
પછી પસ્તાઈ સ્તુતીઓ કરશો હે છોડો જગતના તાત.અતી. ૪
બ્રહ્મસભાને દેવ ગણીને, નમન કરૂછું આજ;

ચુક મારી, સૌ વીસારી, દીલ ન ધારી, માનો મારી,
બેઉ કરજોડી પુરશોતમ નમ્ર વીનંતી કરે પ્રખ્યાત. અતી. ૫
શંવત ઓગણીસાલ ચોપનો, ઉત્તમ આશ્વિન માસ;
કૃષ્નપક્ષ, ત્રીજ સમક્ષ, સોમ પ્રત્યક્ષ, રાખો લક્ષ,
હરખથી ધરીને શ્રી હાડકેસ્વર રૂપ પુજો ભક્તીભાવ. અતી. ૬

છપનીયા કાળ વીષે.

વાલીડા પ્રશને વેહલોરે છપનીયો કાળ કેવાણો—એ રાગ.

દયા જરી દીલમાં લાવોરે, છપનીઓ કાળતો આવ્યો.
ભીખારી—પેટને સારૂ છોકરાં વેચી, લે છે ખાવાનું અંન;
લુગડાં લત્તા મળે નહીંને, તાપ સુકાયે તંન. દયા. ૧
દેશી માણુસ—વહાલા સગા કોઇ ઓળખે નહીં, તેછેટા ભાગી જાય;
આંગણે જઇને ઉભા રહે, ત્યારે મોઢાં મોટાં થાય. દયા. ૨
ઉઘરાણી મેં ઝાઝી નાંખી, આપે નહીં કોઈ પાઈ;
પરાયા આંગણે આવી ઉભા, ત્યારે અકલ મારી ગઇ. દયા. ૩
કાળ છપનનો બેઠો ત્યારે, હાલત હાવી થઈ;
પૈસા ટકા ખુટી ગયાને, પેઢીયો જાતી રહી. દયા. ૪
ઉછી ઉધારૂં કોઇ ન આપે, ન મળે ખાવા ધાંન;
ઓછામાં પુરા લેણીયાતો, હાય આવી કરે હેરાન. દયા. ૫
ચાકર—ચાકર લોકો ચાકરી કરીને, લેવા જાય પગાર;
શેઠ બીચારા ડુબી ગયા, ને સામા થાય લાચાર. દયા. ૬
શેઠ—માલ ઓડરથી ઝાઝો આવ્યો, વેપાર ન મળે કાંય;
ઑફીસ વાળા આવી દુકાને, આંટા ફેરા ખાય. દયા. ૭
—માલવાળા—માલ તમારો ગોદીમાં આવ્યો, હુંડી ભરાને જાઇ;

વસુલ કરસું નાણું હમારાં, હરાજીમાં લઇ. દયા. ૮
ચાકર—ચાર માસ થયા નોકરી કરીને, મલ્યો નહીં કાંઇ પગાર;
પૈસા લેવા જતાં શેઠ ઉઠીને, દેછે ગાળ હજાર. દયા. ૯
શેઠ—અકલ એમાં ક્યાંથી હોયે, હલકી જાત કહેવાય;
વખતનો વીચાર કર્યા વીણુ, શેઠની સામો થાય. દયા. ૧૦
ચાકર—ચાકરીમાંથી આપી રજા, કહે જાઓ તમારે દેશ;
પૈસા પાસે મળે નહીં, શી રીતે જઇએ પરદેશ. દયા. ૧૧
ચાલો ભાઇઓ દેશમાં જઇ, મા બાપની લઇએ સાર;
શેઠીયા તો પગાર ન આપે, ક્યાંથી ખાસુ જાર. દયા. ૧૨
શેઠ—દીકરો મારે મોટો થયો છે, વરસ થયાં છે અઢાર;
લગ્ન એનાં કરવાં છે પણુ, ખરચનો નથી પાર. દયા. ૧૩
વરઘોડાનો સાજ જોઇયે, જામો પાઘડીને હમેલ;
ભુલેશ્વરી પાસે છે દુકાન, દુલભની જામેલ. દયા. ૧૪
વરરાજા—અસાંકે જામો નતો ખપે ખપે પાટલુન કોટ;
માથે રજવાડી પાગડી ગીનીજા, ખરચી હકડી નોટ. દયા. ૧૫

છપનની સજા ને ભજનની મજા.

ભાલુભા ભુજનો રાજા, છેતરીને લ્યા છેલને નોતો મારવો—એ રાગ.

વાલીડા મરશને વહેલો, છપનીયો કાળ કહેવાણો. ટેક.
ગાદલાં વેચ્યાં ગોદડાં વેચ્યાં, ઢોલીયા નજરે જાય;
વાહાલો સગો કોઇ આંગણે આવે, વડી વીમાસણુ થાય. વા.૧

જેઠ મહીને તો જીવાડયાંને અશાડે મેલ્યાં તાણી;
શ્રાવણ માસે તો સરવડીયાં થાયે,ન મળે આભમાં પાણી.વા.૨
ભાદરવે તો ભેળી માર્યા, ને કોણ સંભાળુ રાખે;
ચારાપાણીની તાણુને લીધે, ઢોર નીસાસા નાંખે. વા.૩
કચ્છ કોદાળીને પાવડા લીધાં, ને સડકે પોડયા જાય;
આઠમે દીને રોજી ચુકે, તે કોઇ જીવીને ખાય. વા.૪
ભાણું વેચ્યાં ને વાટકા વેચ્યા, વહાણનું કીધું મન;
વહાણમાં બેસી મુંબાઇ આવ્યા, શેઠીયા પુરે અન્ન. વા.૫
રાળખાધાને રૂપીઆ ખાધા, ખાધી દીવાનસાઇ કોરી;
સોનાં રૂપાંતો હાટડે મેલ્યાંને, કાખમાં લીધી ઝોળી. વા.૬
તાવડીતો તડાકા કરેને, ઘંટી પોરા ખાય;
ઉધી ઉધારૂ તો કોઇ ધીરે, પેટમાં ઝાળું થાય. વા.૭
દીને દેખાડે વાદળાં એતો, રાતે દેખાડે તારા;
અંન વીનાની આંગળીયું કરડે,એવા છપનીયાના ચાળા.વા.૮
નાગીપુગી ઉભી નાગલી, હાય જુવારે કીધા જોગી;
બાજરે તો દેવાળું ફૂકયું, ને ચોખે રાખ્યા થોભી. વા.૯
ખરેડી ગીયાં ઓરડાંને, વળી બજારૂ ખાવા ધાય;
છપન ગોઝારાની સાલમાં,મનખો મુંબાઈ ભાગી જાય.વા.૧૦
હાંડા વેચ્યાને થાળીયું વેચી, મુંબાઈ ચઢી જાય;
મુંબાઈને બારે ઉતરે ત્યાં, અંન્નનો ધરવ થાય. વા.૧૧
મુંબાઇ ચાલ્યા મુલકો સરવે, માનવી ભરવા પેટ
ખીચડે રાખી ખલક આખી, નવખંડના મણુ શેઠ. વા.૧૨

રાગ મનહર છંદ.

ભાંડ ભવૈયા કૈક ગરથ ગમાવી બેઠા, રાંડોમાં રોળાણુ વાત પ્રસિ-
દ્ધ પ્રમાણી છે;
સટ્ટે સપડાયા કૈક, જુગારે ઝલાયા કૈક, કોરટે ડંડાયા વાત કોણ-
થી અજાણી છે;
વૈદમાં વણુંધા કૈક, વકીલે વેચાયા ગાડી, ઘોડા લાડી વાડીયે
કમાઈ કૈક તાણી છે;
ભપકો ભારીને ખીસો, ખાલી એવા ભાળ્યા કૈક, મુંબઇની કમા-
ણી ભાઇ મુંબઇમાં સમાણી છે. ૧
વાજતે ગાજતે કૈક, વરઘોડાની માંહે ચાલી, ચાલી નાત વરામાં
નવાઇ શું પીછાણી છે;
મુ વેલાંની મીજબાની, વીધ વીધવાની રહી, પાછળથી વાણી જતાં
એમ પણ જાણી છે.
સહેલના સપાટાએ, સપાટા ભેર કૈક લીધી, ઓરડીના ભાડા
માંહે કૈક ભરખાણી છે;
ભપકો ભારી ને ખીસો ખાલી એવા ભાળ્યા કૈક, મુંબઇની કમા-
ણી ભાઇ મુંબઇમાં સમાણી છે. ૨
વરસમાં દસવાર, દેશ માંહે આવ્યા ગયા, બોટ માંહે બોહી, કૈક
રેલમાં રોળાણી છે;
કૈક ગઈ સચરામાં કૈક ગઈ ઠીકરામાં, ઘરેણામાં પણ કૈક ગાંઠની
ઘલાણી છે.
રહી ખડી રહી કૈક ધોબીએ તે લીધી ધોઈ, બુટને સ્ટોકીંગના દ-
મામમાં દબાણી છે;

ભપકો ભારીને ખીસો ખાલી એવા ભાળ્યા કૈક, મુંબઈની કમા-
ણી ભાઈ મુંબઈમાં સમાણી છે. ૩
ફેનસીની પ્રીસીયારી, માંહે કૈક ફસી પડી, દહન થતી દીવાબત્તી-
માં દરશાણી છે;
પાન પટીમાં કૈંક, કૈંક ચાની ચાહેનામાં, કૈક મેવા મીઠાઈમાં ચાં.
પથી ચવાણી છે.
કૈંક લવંડર અને કૈક, સોડા આઇસ્ક્રીમ, કૈંક હોંસ હોટલની તે
માંહી હણાણી છે;
ભપકો ભારીને ખીસો ખાલી એવા ભાળ્યા કૈક, મુંબઈની કમા-
ણી ભાઈ મુંબઈમાં સમાણી છે. ૪
હેરકટીંગ માંહેહેર ફેર થઇ ગઇ કૈંક, હજામની કોથળીમાં કૈંક અ-
ટકાણી છે
મેળે ખેલે કૈંક સરકસે કૈંક સરી પડી, ખીસાકાતરૂની ભીતીમાં કૈંક
ભરાણી છે.
સોનેરી ટોળીયે કૈંક, ઝોળી હાવ લાવી દીધી, કૈંક ઢોંગી ધુતારાના
ધ્યાનમાં ઢળાણી છે
ભપકો ભારીને ખીસો ખાલી એવા ભાળ્યા કૈક, મુંબઈની કમા-
ણી ભાઈ મુંબઈમાં સમાણી છે. ૫
કાચ કોડીયામાં કૈક, રાચ રચીલામાં કૈક, કૈંક અગનીની આંચ માંહે
હોલવાણી છે;
કૈક મોટરકાર, બાઇસીકલ ફોનોગ્રાફ, સીને મેટોગ્રાફ કૈંક તા-
રમાં તણાણી છે.
કૈક ફાલા ફૂલી કૈંક ટીપમાં ટીપાઇ ગઇ, કૈંક માન પાન અને મે-
ળાવડે મોહવાણી છે.

ભપકો ભારીને ખીસો ખાલી એવા ભાળ્યા કૈંક, મુંબઈની કમા-
ણી ભાઇ મુંબઇમાં સમાણી છે. ૬
કૈંક લીધી દલાલે ને કૈંક લીધી દરજીયે, કૈંક મરકીના માંડવે જઈ
ઝલાણી છે;
દાતણની ડાંડલીયે, સાક પાન ફોફળમાં, વહેમને મળે હાર ગજ-
રે ગંજાણી છે.
બીડી ફૂકી બાળી કૈંક, તંબાકુએ ટાળી કૈંક, પીઠામાં કૈંક, કોકીને
કચરાણી છે.
ભપકો ભારીને ખીસો ખાલી એવા ભાળ્યા કૈંક, મુંબઈની કમા-
ણી ભાઈ મુંબઇમાં સમાણી છે. ૭
કમાઇ ખાતાને અમે, ખાંતથી તપાસ્યું માંહી, લાખની કમાઈ સવા
લાખની ઉજાણી છે;
કમાયા અપાર અને થયા બહુ ખ્વાર પણ, ઘાંચીના બળદની એ
અંધાધુની ધાણી છે.
આંધળી કમાઇ આંધળી વાટે વમાઇ કૈંક, સોરતીની સરતોમાં
ભમાઇ ભુંસાણી છે;
ભપકો ભારીને ખીસો ખાલી એવા ભાળ્યા કૈંક, મુંબઇની કમા-
ણી ભાઇ મુંબઈમાં સમાણી છે. ૮
પણ રાતી પાઈ રામનામે નવ માય તેની, ચોકસાઇ રાત દહાડો
ચોંપથી રખાણી છે;
આંધળાં લુલાં ઠુંઠાં અપંગ અંગ કોડીયાંને, મુઠી અંન દેતાં હા
હા મુઠીયો ઝલાણી છે.
વીદેશીના ફાળા અને પ્રદેશીના બાવલામાં, કથે ભગવાનની
ચીમુડી નીચોવાણી છે;

ભપકો મારીને ખીસાં ખાલી એવા ભાળ્યા કૈંક, મુંબઈની કમા-
ણી ભાઈ મુંબઈમાં સમાણી છે. ૯

શેઠની તાબેદારી વીશે મનહર છંદ.

તનમન બુધીબળ હલકાં કે ભારે હોય, વીત્ત આપનારને વેચા-
તી લઈ લેછે;
ઉદ્યમ લખેલ હોય કદાચ કપાળ માંહી, તો પણ તે ધણીને આ-
ધીન થઈ રહે છે.
એક પેટ માટે પોતાનાને કરી દઈ પરાં, વીત્ત આપનારતણું વ-
હાલાપણું વહે છે;
સ્વતંત્રપણાનું સુખ જાય છે તણાઈ ભાઈ, અનુચર થાય તે અ-
પાર દુઃખ સહે છે.
હાકલ મારે કે હાથ જોડી જોડી ઉભું થાવું પડે વાંકાં ચુકાં વેણ
તણો માથે મુંઢ માર છે;
કામ કાજ કરાવીને કાઢી લે કાયાનો કસ, હુકમ કરે તે કાળજે
કટાર છે.
નીતી વડે પ્રીતી વડે વળી શુભ રીતી વડે, શેઠને રીઝાવવા તે ક-
ઠણ કુઠાર છે;
ઉંચું તો જોવાય નહીં ઉત્તર ન અપાય પુરો, ચાકરી આકરી ખરી
ખાંડા કેરી ધાર છે.

ખ્યાલ.

રાગ લંગત લંગડી.

અંબે મૈયા તું રખવાલી, સકલ ભુવનકી તું દાતા;
ક્યા કરૂ બરનન આદ્યભવાની, બેરબેર તેરા ગુન ગાતા. ટેક.
રત્નસીંઘાશન ઝગમગ જોતે, બૈઠી આરાસુર રાણી;
કરજોડી મા કરૂ વીનતી, દીનદયાળી મા જાણી.
શીર કંચનકા છત્ર બીરાજે, કલગી મોતનસેં લલકે,
રત્નજડીત્ર મુગટ અનોપમ, હીરા ઝગમગતે ઝલકે;
કપોલ બંદી જળહળ જોતે, મોતી તોરા લટકતા, ક્યા. ૧
ચુંદડી કસબી કોર માજી તેરે, ગળે હાર હીરા ઝલકે,
ગલુબંધ કંઠેશરી માળા, નાકે વેસર તે ઢળકે.
તખ્ત ત્રીપુરે માત બીરાજે, વીશ્નુ વીરંચીવ શીશ નામે,
શીવ સમાધી ધ્યાન ધરત હે, અપરમપાર તે નવ પામે;
એસીરે તું ભોળી ભવાની મા,શકલ ભુવનકી તું દાતા.કયા.૨
સુરતણીરે સાવારે ચઢીયા, ચંડમુંડ નાંખ્યો ચોળી,
સીંહ ચઢી મા ત્રીસુળ લીધું, મહીસાસુર નાંખ્યો રોળી.
રક્તબીજ રક્ત રણુમાં રોળી, ધુમ્રલોચન સંહાર કીયા,
ચઢી માત ચામુંડા દેવી, ખપર ખડા હાથ લીયા;
ભક્તકાજ મા ધાઈને કોઇ, ઉદ્દોઉદ્દો મુખથી કેતા. ક્યા.૩
જગતકી દાતા સુનો મોરી માતા,હાથજોડી મેં તેરા દ્વારખડા,
મેં અપરાધી મહાપાતકી, ચરણુ તેરે આવી પડયા.
સહાય કર અંબે ન કર વીલંબે, ભકતકાજ અભીમાન ભરો,

જ્યાં જ્યાં ભીડ પડે ભક્તનકું, પલમાં સંકટ દુર કરો;
ઐસીરે તું ભોળી ભવાની મા,સેવકજન કીજીયે શાતા.કયા.૪
અંબે બહુચર તું મતવાલી, બેઠાં ખેલ કરો ન્યારા,
નેહ ધરી નજરેથી દેખું, જળહળ જોતો હય પારા.
તું માતાજી હે મોરી મા, મેં હું બાળક તેરા,
દાસ મુની કહે દેદાર પાવે, ના આવે ચોરાસીકા ફેરા;
નીશાન ડફુપર તોરારે મા, નીશાન કાવે અંબેકા. કયા.૫
સંતતણી સુખ દાયક છો મા, અરજ કરૂં સુણીયે મારી;
નીરાધાર મેં ફીરૂ જગતમાં, રખું ઢાલ શીરપે તારી.

સમાપ્ત.

આ પુસ્તક માટે અગાઉથી આશ્રય આપનાર ગ્રાહકોનાં નામ.

નંગ.	નામ.	રહેવાશી.	હાલ મુકામ.
૧૦૫ મી.	વીઠલ રલીયાતરામ મહેતા	વાલમ.	મુંબાઈ.
૧૦૦ મી.	ચત્રભુજ હરીશંકર. જોશી.	રોહડા (આબુરોડ)	,,
૫૦ મી.	હરગોવન ચુનીલાલ જાની.	વાલમ.	,,
૨૫ મી.	છગનલાલ મોતીલાલ જાની.	,,	,,
૨૫ મી.	નારાયણલાલ મયાશંકર બ્યાસ.	,,	,,
૨૦ મી.	ગવરીશંકર છગનલાલ ભટ	,,	,,
૨૦ મી.	પ્રેલ્હાદ મહાદેવ મહેતા.	,,	,,
૧૫ મી.	ગવરીશંકર મહાશંકર જોશી.	,,	,,
૧૫ મી.	નર્મદાશંકર બહેચરલાલ ત્રવાડી.	,,	,,
૧૫ મી.	શીવશંકર ડુંગતરામ ભટ.	,,	,,
૧૦ મી.	ચુનીલાલ (ઉર્ફે વ્રજલાલ) ગણપતરામ ભટ.		,,
૧૦ મી.	પરસોતમ ખુશાલદાસ પટેલ.	ભિગતા.	,,
૫ મી.	અંબાલાલ કાસીરામ રાવળ.	ખરણુ.	,,
૫ મી.	દામોદરદાસ ધનજીભાઇ ઠકર.	જામનગર.	,,
૫ મી.	મોતીલાલ રણછોડદાસ દવે.	નાંદોદ.	,,

૫	મી. મોહનલાલ મગનલાલ આતરસુંબા.	,,
૫	મી. હીરાલાલ છગનલાલ મહેતા. વાલમ.	,,
૫	મી. એમ. બી. મહેતા. એન્ડ કો. વાલમ.	સ્વાર
૫	મી. ભીખાલાલ શંકરલાલ મહેતા. ,,	વાલમ
૫	મી. ભીખાલાલ મીરાતરામ મહેતા. ,,	મુંબા
૫	મી. ઉમયાશંકર કીરપાશંકર જોશી. ,,	,,
૨	મી. અંબાલાલ માહેશ્વર મહેતા. ,,	,,
૧	મી. વલ્લભદાસ મોરારજી શા. પોરબંદર.	,,
૧	મી. મનજીભાઇ ખરમશી શા. કેસોદ.	,,
૧	મી. પરસોતમ ભોળાનાથ દેરાશરી. વાલમ.	,,
૧	મી. હરીલાલ ભાઇશંકર જાની. વાલમ.	વાલમ
૧	મી. ચીમનલાલ મણીલાલ વ્યાસ. ,,	,,
૧	મી. મથુરલાલ નર્મદાશંકર જોશી. ,,	રાજપુર.
૧	મી. મગનલાલ કાલીદાસ શા. દહેગામ.	મુંબાઇ.
૧	મી. જશવંતરાય કીરપારામ વાલમ.	વાલમ.
૧	મી. માણેકલાલ હરજીવન તલાજા.	મુંબઈ.